નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાbવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**<u>તા.૦૩/૦૭/૨૦૧૮</u>**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૦૩/૦૭/૨૦૧૮ ને મંગળવારનાં રોજ સાંજના ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | સભ્યશ્રી |
| (૪) | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | ” |
| (૫) | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ” |
| (૬) | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ” |
| (૭) | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ” |
| (૮) | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ” |
| (૯) | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ” |
| (૧૦) | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | ” |
| (૧૧) | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | ” |
| (૧૨) | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | ” |
| (૧૩) | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | ” |
| (૧૪) | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | ” |
| (૧૫) | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | ” |
| (૧૬) | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | ” |
| (૧૭) | શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ | ” |
| (૧૮) | શ્રી જયેશકુમાર. કે. પટેલ | ” |
| (૧૯) | શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ | ” |
| (૨૦) | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | ” |
| (૨૧) | શ્રી ફરીદખાન. ડી. પઠાણ | ” |
| (૨૨) | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | ” |
| (૨૩) | શ્રી મુન્તજીમોદીન. એન. કાજી | ” |
| (૨૪) | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | ” |
| (૨૫) | શ્રી વિજયભાઇ. સી. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં સુધારો રજૂ કરવામાં આવ્યો કે, આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામ નં. ૨૩ નાં વિષયમાં લખાયેલ કરાર આધારિત દુકાનો ભાડે જાહેર હરાજીથી આપવા તેનાં બદલે ૧૧ માસનાં કરાર આધારિત બંધ કવરમાં ઓફર મંગાવી દુકાનો ભાડે આપવા – એમ સુધારો ની જાહેરાત કરતાં સર્વાનુમતે તેને ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

ત્યારબાદ રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

(૧) પેટલાદ નગરપાલિકામાં ઇ-નગર અંતર્ગત સંસ્થાનાં વિવિધ વિભાગોની ડેટા એન્ટ્રી કરવા માટે ફીકસ પગારથી કોમ્પ્યુટર ઓપરેટરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૨) મ્યુનિ. સભ્ય શ્રીમતિ રીટાબેન. યુ. શાહ, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ, શ્રી અસ્લમબેગ. એ. મિરઝાં, શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રી સૌરભભાઇ. એન. પટેલ તથા શ્રી નિરંજનભાઇ. પી. પટેલના આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.
ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાYવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાચવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. : (૧)** : પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનું પ્રોસીડીગ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩ / તા.૦૩/૦૭/૨૦૧૮**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા તા.૩૧/૦૩/૨૦૧૮ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. : (૨)** : પેટલાદ નગરપાલિકા દ્વારા સંસ્થામાં ફરજ બજાવતાં બિનકાયમી કર્મચારીઓનાં કલ્યાણ અર્થે ઇ.પી.એફ. ને બદલે એલ.આઇ.સી. યોજનામાં જોડાવવા બાબતે તા.૧૯/૦૪/૨૦૧૮ નાં રોજથી કરવામાં આવેલ સરકયુલર ઠરાવ નં.૧૨૬ ને વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ હેતલબેન. એ. પટેલ, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***<u>સરકયુલર ઠરાવ નં. ૧૨૬ તા. ૧૯/૦૪/૨૦૧૮</u>***

**ઠરાવનો વિષયઃ-** સરકારશ્રીની સુચના અન્વયે પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં બિનકાયમી કર્મચારીઓનાં કલ્યાણ અર્થે ઇ.પી.એફ. ને બદલે એલ.આઇ.સી.માં વિમા કવચ, પ્રોવિડંડ ફંડ તથા ગ્રેજયુઇટીનાં ત્રેવડા લાભ મળે તેવા શુભાશયથી આવા કર્મચારીઓનાં ફંડ કપાત કરી એલ.આઇ.સી. સાથે જોડાઇ તેમાં જમા કરાવવા બાબત.

**<u>ઠરાવ</u>**

આથી આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ નગરપાલિકા સ્થાનિક સ્વરાજયની ત્રિસ્તરીય સાશન વ્યવસ્થાનાં સૌથી પાયામાં આવતી સ્થાનિક સ્વરાજયની સંસ્થા છે. બંધારણનાં ૭૪ મા સુધારા થકી સ્થાનિક સ્વરાજયની સંસ્થાને મળેલી સ્વાયત્તતાની રૂએ પેટલાદ નગરપાલિકામાં કામ કરતાં કર્મચારીઓનાં કલ્યાણનો વિચાર કરવો તે આપણી ફરજ છે.

સરકારશ્રીએ તા.૦૮/૦૧/૨૦૧૧ થી કર્મચારીઓનાં ઇ.પી.એફ. ની ફરજિયાત જોગાવઇ કરી છે. તે મુજબ પેટલાદ નગરપાલિકાનાં બિન કાયમી કર્મચારીઓનાં કલ્યાણ અર્થે પેટલાદ નગરપાલિકાએ ઇ.પી.એફ. નાં બદલે એલ.આઇ.સી. નું માધ્યમ પસંદ કરવાનાં નીચેનાં કારણોસર સ્વીકાર કરવામાં આવે છે.

(૧) ઇ.પી.એફ. કચેરીએ પેટલાદ નગરપાલિકાનું રજીસ્ટ્રેશન વર્ષ ૨૦૧૧ થી કરેલ છે. જેનો નંબર **GJAHDOO 58389000** છે. જેમાં ૨૦૧૨ થી ઓનલાઇન ઇ.પી.એફ. ભરવાનું શરૂ કરવાનું હતું. જેમાં પેટલાદ નગરપાલિકાને ઓનલાઇન લોગ ઇન – પાસવર્ડ - આઇ.ડી. આજ દિન એટલે કે, તા.૧૯/૦૪/૨૦૧૮ સુધી ઇ.પી.એફ. કચેરીએ ફાળવી આપ્યા નથી. જેના કારણે પેટલાદ નગરપાલિકા આ કામગીરી કરી શકી નથી.

(૨) ઇ.પી.એફ. કચેરીનું સંચાલન નિયત રકમો ચૂકવી એજન્ટો દ્વારા થાય છે. આથી આવા પાસવર્ડ - આઇ.ડી. તેવા એજન્ટો પાસે રહે છે. અને આ એજન્ટ વધુ રકમની આશાએ કામગીરી ન કરે તેવા સંજોગોમાં નોટીસ આપે છે અને વોરંટ પણ ખોટી રીતે ઇસ્યુ કરી દેવામાં આવે છે. જેનાથી સંસ્થાનું નામ ખરાબ થાય અને નગરપાલિકાને આર્થિક નુકશાન થાય છે.

(૩) ધી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ ૧૯૬૩ ની કલમ ૨૭૧ હેઠળ મંજુર કરાયેલ નિયમોં (બાયલોઝ) માં કર્મચારીઓનાં ઇ.પી.એફ. બાબતે કોઇ જોગાવઇ નથી. આથી આવા ઇ.પી.એફ. ને બદલે કર્મચારીઓને એલ.આઇ.સી. નાં માધ્યમથી ફંડ કપાત કરવામાં આવે તો તેઓને જીવન વિમો, મેડી કલેઇમ અને ગ્રેજયુઇટી એમ ત્રણેય લાભ મળે તેવી જોગાવઇ છે. આથી કલમ ૨૭૧ હેઠળ મંજુર કરાવવા મે.નિયામકશ્રીને દરખાસ્ત કરવા ઉચિત જણાય છે.

(૪) પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં બિન કાયમી કર્મચારીઓ મોટા ભાગનાં વર્ગ-૪ નાં છે, કે જેઓ ઓછો અભ્યાસ ધરાવતાં હોય છે. ઇ.પી.એફ. સમગ્ર ઓનલાઇન પ્રક્રિયા છે અને તમામ કામગીરી અંગ્રેજી ભાષામાં જ કરવાની હોય છે. જે સીધેસીધી કામગીરી તેઓ કરાવી શકતાં નથી. જેથી એજન્ટ મારફત કામગીરી કરાવવાનાં પ્રસંગે તેઓને પોતાનાં ખાનગી પાસવર્ડ- આઇ.ડી. આપવા પડતાં હોય છે જેથી માહિતી લીક થવાની, ચેડા થવાની કે છેતરપિંડી થવાની શકયતાઓ રહે છે. બીજું કે, સમગ્ર ગુજરાતની એક જ ઓફિસ અમદાવાદ ખાતે આવેલ છે અને ત્યાં જ આવી કામગીરી થઇ શકે છે. એટલે આવા કર્મચારીઓને સમય વેડફી અને અર્થહિન ખર્ચ કરી દૂર સુધી જવુ પડે તેમ છે. જયારે એલ.આઇ.સીની ઓફિસ સ્થાનિક સ્તરે પેટલાદ ખાતે જ આવેલી છે. જેથી આવા કર્મચારીઓને પોતાની કામગીરીમાં સરળતા રહે તેમ છે.

(૫) વધુમાં અમારી જાણ મુજબ પેટલાદ ખાતે આવેલ આઇ.સી.ડી.એસ.નાં માનદેતન કર્મચારીઓને પણ એલ.આઇ.સી. ફંડ માધ્યમથી જ આવરી લીધેલ છે.

તેથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અને સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં બિન કાયમી કર્મચારીઓને ઇ.પી.એફ. યોજનાને બદલે એલ.આઇ.સી.નાં માધ્યમથી ફંડ કપાત કરી તેઓને મળવાપાત્ર લાભ આપવા સદર ઠરાવને આગામી સામાન્ય સભામાં મંજુરીની અપેક્ષાએ તેની બહાલી મેળવાની શરતે આ સરકયુલર ઠરાવ કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે મે.નિયામકશ્રીની કચેરી ગાંધીનગર ખાતે જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની જરૂરી તમામ કામગીરી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રી અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

*સહી/-*
*(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)*
*પ્રમુખ*
*પેટલાદ નગરપાલિકા*

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આમ, ઉપરોકત કરેલ સરકયુલર ઠરાવને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૩) :** પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી -૧૮ થી માહે માર્ચ -૧૮ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ હેતલબેન. એ. પટેલ, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી -૧૮ થી માહે માર્ચ-૧૮ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી -૧૮ થી માહે માર્ચ -૧૮ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૪) :** પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૧૭ થી માહે માર્ચ -૧૮ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ -૧૭ થી માહે માર્ચ-૧૮ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ -૧૭ થી માહે માર્ચ -૧૮ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૫) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૭ થી માહે સપ્ટેમ્બર-૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ -૧૭ થી માહે સપ્ટેમ્બર-૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ -૧૭ થી માહે સપ્ટેમ્બર -૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૬) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૭ થી માહે ડિસેમ્બર-૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર -૧૭ થી માહે ડિસેમ્બર-૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર -૧૭ થી માહે ડિસેમ્બર -૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. :(૭)** : સરકારશ્રીમાંથી પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ પૈકી બાકી રહેતી, બચત રહેતી ગ્રાન્ટની રકમો તેમજ રદ થયેલ કામોની ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો બાબત.

**ઠરાવ નં. ૯ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીમાંથી પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ પૈકી બાકી રહેતી, બચત રહેતી ગ્રાન્ટની રકમો તેમજ રદ થયેલ કામોની ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી તથા ભવિષ્યમાં આવનારી તમામ અલગ-અલગ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવામાં આવતાં કેટલીક ગ્રાન્ટની રકમો બચત રહેવા પામેલ છે, કેટલાંક કામ નકકી ન થતાં તેવી રકમ બાકીમાં છે તથા કેટલાંક કામો સ્થળ સ્થિતિ જોતાં થઇ શકે તેમ ન હોઇ આવી બચત રકમોમાંથી અન્ય વિકાસનાં કામો કરવાનાં થાય છે. જે બાબતે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો નકકી કરવા તેમજ તે અંગેની આગળની તમામ આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૮)** : નામદાર પેટલાદ કોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં કેસો માટે વાર્ષિક રીટેઇનરશીપની ફી થી રોકવામાં આવતાં વકીલ શ્રી ઇકબાલબેગ એસ. મિરઝાએ તેઓની ફીમાં વધારો કરી આપવા અંગે તેઓનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રીમતિ કલ્નાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નામદાર પેટલાદ કોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં કેસો માટે વાર્ષિક રીટેઇનરશીપની ફી થી રોકવામાં આવતાં વકીલ શ્રી ઇકબાલબેગ એસ. મિરઝાએ તેઓની ફીમાં વધારો કરી આપવા અંગે તેઓનો આવેલ પત્ર વંચાણમા લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ ખાતે આવેલ નામદાર કોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં કેસો તથા આણંદ ખાતે આવેલ નામદાર મજુર અદાલતમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં કેસો બાબતે મુદતોમાં હાજર રહેવા તથા જરૂરી જવાબો રજૂ કરવા ઘટતી કાર્યવાહીથી વાર્ષિક રીટેઇનરશીપની ફી રૂા.૧૦,૦૦૦/- થી પ્રતિ વર્ષ જે તે નામદાર કોર્ટ માટે અલગ-અલગ વકીલ રોકવામાં આવે છે. જેમાં પેટલાદ ખાતે આવેલ નામદાર કોર્ટમાં ચાલતાં કેસો પરત્વે રોકવામાં આવેલ વકીલ શ્રી ઇકબાલબેગ. એસ. મિરઝાએ તેઓની વાર્ષિક રીટેઇનરશીપની ફી ની રકમમાં વધારો કરવા અરજ કરેલ છે. નામદાર કોર્ટમાં રજૂ કરવાનાં થતાં કાગળો પરત્વેનો ખર્ચ, મુદતોમાં હાજર રહેવા વિગેરે જોતાં તેઓની આ ફી ની રકમમાં વધારો કરવા યોગ્ય જણાય છે. જેથી વાર્ષિક રીટેઇનરશીપની ફીમાં વધારો કરી રૂા. ૧૫,૦૦૦/- કરવા ઠરાવવામાં આવે છે. સાથે સાથે આવી જ કામગીરી આણંદ ખાતે આવેલ નામદાર મજુર અદાલતમાં ચાલતાં કેસો પરત્વે રોકવામાં આવતાં વકીલની વાર્ષિક રીટેઇનરશીપની ફીમાં પણ વધારો કરવો ઉચિત જણાય છે. તેથી સદર બન્ને નામદાર કોર્ટ માટે રોકવામાં આવતાં વકીલની વાર્ષિક રીટેઇનરશીપની ફીમાં વધારો કરી રૂા.૧૫,૦૦૦/- કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી કરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તારવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૪૨૭ વાળી જગ્યા હીજડા સમાજનાં દફનવિધી માટે કાયમી ધોરણે નીમ કરવા બાબતે મે.મામલતદારશ્રીને ઉદ્દેશીને શ્રી આરતીકુંવર મધુકંવર એ કરેલ અરજી બાબતે મામલતદારશ્રી કચેરીનો “ન વાંધા પ્રમાણપત્ર” આપવા અંગે આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૪૨૭ વાળી જગ્યા હીજડા સમાજનાં દફનવિધી માટે કાયમી ધોરણે નીમ કરવા બાબતે મે.મામલતદારશ્રીને ઉદ્દેશીને શ્રી આરતીકુંવર મધુકંવર એ કરેલ અરજી બાબતે મામલતદારશ્રી કચેરીનો “ન વાંધા પ્રમાણપત્ર” આપવા અંગે આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ હદમાં આવેલ સર્વે નં.૪૨૭ વાળી ખુલ્લી જગ્યા કે જે નગરપાલિકા હસ્તકનાં સ્મશાનનાં પાછળનાં ભાગમાં આવેલ છે. જેમાં હીજડા સમાજનાં લોકો દફનવિધી કરતાં આવે છે. તેથી નગરપાલિકાનાં હયાત સ્મશાનનાં પાછળનાં ભાગે આવેલ જગ્યામાં હાલમાં કંપાઉન્ડવોલ કરેલ છે તેમાં નગરપાલિકા નકકી કરી ખૂંટ કરી આપે તે મુજબની જગ્યા પેટલાદ સ્થિત હીજડા સમાજને દફનવિધી માટે ફાળવવામાં આવે તો પેટલાદ નગરપાલિકાને કોઇ વાંધા સરખું નથી તેમ ઠરાવવામાં આવે છે. અને આગળની કાર્યવાહી અર્થે મે.મામલતદારશ્રીની કચેરી ખાતે ન વાંધા પ્રમાણ પત્ર મોકલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૧૦) :** પેટલાદ નગરપાલિકા હસ્તકનાં શોપિંગ સેન્ટરની દુકાનો ભાડે આપવાનાં નીતી નિયમો બનાવી ભાડાનાં દરમાં વધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ હેતલબેન. એ. પટેલ, શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનાં શોપિંગ સેન્ટરની દુકાનો ભાડે આપવાનાં નીતી નિયમો બનાવી ભાડાનાં દરમાં વધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટ તથા ડો.બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટર બનાવવામાં આવેલ છે. જેથી આ શોપિંગ સેન્ટરનાં જે તે સમયે અલગ-અલગ નિયમો બનાવવામાં આવેલ છે. અને તે આધારે ભાડુ પણ નકકી કરવામાં આવેલ તે મુજબ વસુલાત કરવામાં આવે છે. પરંતુ તેનાં મેન્ટેનન્સ તથા વહીવટી કામગીરી અને તે પાછળ રોકવામાં આવતાં કર્મચારીનાં પગાર ખર્ચ જોતાં તેમજ વર્તમાન બજાર ભાડાના દરને ધ્યાને લેતાં આ શોપિંગ સેન્ટરનાં ભાડાનાં દરમાં વધારો કરવા યોગ્ય જણાય છે. પરંતુ પ્રિમીયમની રકમથી ભાડે આપેલ દુકાનો અને ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવામાં આવનાર દુકાનોનાં ભાડાનાં દર અલગ તારવવા નીચે જણાવેલ વિગતે ભાડાનાં દરથી કામ સાથે સામેલ નિયમોને આધિન દુકાનો ભાડે આપવા ઠરાવવામાં આવે છે. અગાઉ સામાન્ય સભામાં કરેલ ઠરાવ નં.૧૫૨/તા.૧૮/૦૨/૨૦૧૬ આધારે જે ઇસમોએ દુકાન પ્રિમીયમની રકમથી ભાડે રાખવા પ્રિમીયમની રકમ પેટે જે રકમ જમા કરાવેલ છે તે રકમ તેઓનાં ભાડા પેટે ભરપાઇ કરવા તેઓની સંમતિ મેળવી સરભર કરવા અને જો પરત રકમ મેળવવા અરજી આવે તો તે રકમ પરત અદા કરવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે અગાઉ સામાન્ય સભામાં કરેલ ઠરાવ નં.૧૫૨ / તા.૧૮/૦૨/૨૦૧૬, ઠ.નં.૯૧ / તા.૧૧/૦૮/૨૦૧૬ તથા ઠરાવ નં.૧૬૦ / તા.૦૭/૦૨/૨૦૧૭ થી કરેલ ઠરાવ રદ કરતો ઠરાવ કર્યાબાદ સદર ઠરાવનો અમલ કરવા ઠરાવવામાં આવે છે.

<u>સરદાર પટેલ સુપર માર્કેટ</u>

ગ્રાઉન્ડ ફલોર (ભોંય તળીયુ) ની દુકાનો : રૂા.૨૫/- પ્રતિ ચો. ફુટ અને પાછળવાળી દુકાનો રૂા.૧૫/- પ્રતિ ચો.ફુટ

ફર્સ્ટ ફલોર પરની દુકાનો : રૂા.૩૦/- પ્રતિ ચો. ફુટ અને પાછળવાળી દુકાનો રૂા.૨૦/- પ્રતિ ચો.ફુટ

સેકન્ડ ફલોર પરની આવેલ દુકાનો રૂા.૨૦/- પ્રતિ ચો. ફુટ અને પાછળવાળી દુકાનો રૂા.૧૫/- પ્રતિ ચો.ફુટ

<u>ડો. બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટર</u>

રૂા.૨૦/- પ્રતિ ચો. ફુટ

ઉપર મુજબનાં ભાડાનાં દરથી ૧૧ માસનાં કરાર આધારિત દુકાનો ભાડે આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનો અમલ તા.૦૧/૦૮/૨૦૧૮ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તારવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૧૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી રૂા.૨૫,૦૦૦/- થી વધુ રકમનાં વેરા બાકીદારોની મિલકતોને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૩૩ તથા ૧૩૪ મુજબની કાર્યવાહી હાથ ધરવા બાબત.

**ઠરાવ નં. ૧૩ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ સી. તળપદા, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી રૂા.૨૫,૦૦૦/- થી વધુ રકમનાં વેરા બાકીદારોની મિલકતોને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૩૩ તથા ૧૩૪ મુજબની કાર્યવાહી હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીની સુચના અનુસાર સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવનાર તમામ ગ્રાન્ટ જે તે નગરપાલિકાનાં વેરા વસુલાતની ટકાવારીને આધિન તેના પરફોમન્સ આધારે ગ્રાન્ટની રકમો ફાળવવામાં આવનાર છે. તેથી પેટલાદ નગરપાલિકાની વેરા વસુલાતની ટકાવારી હાલમાં ૩૮% જેટલી છે. જો તે મુજબ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવે તો શહેરમાં વિકાસનાં કામો હાથ ધરવામાં મુશ્કેલી પડે. બીજું કે દિન પ્રતિદીન પાણીવેરા તથા અન્ય વેરાની આવક સામે ખર્ચનું ભારણ જોતાં સંસ્થાને વેરા વસુલાતની કામગીરી કડક બનાવવી જરૂરી અને આવશ્યક બને છે. તે માટે જે તે બાકીદારોને પ્રતિ વર્ષ માંગણાબીલ બજાવવામાં આવે છે અને વખતો વખત નોટીસ પણ પાઠવવામાં આવે છે. અને તેમ છતાં સ્થળ વસુલાત કરવા જતાં પણ વસુલાત આવતી નથી. આ સંજોગોમાં પ્રાયોગિક ધોરણે રૂા.૨૫,૦૦૦/- થી વધુ વેરાની બાકી રકમવાળી મિલકતો (જેમાં બે વર્ષ કરતાં વધુ બાકી હોય તેવી મિલકતો) ને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૩૩ મુજબ જે તે મિલકતોને સીલ મારવામાં આવે અને તેમ છતાં વસુલાત ન આવે તો કલમ ૧૩૪ મુજબ તેની જાહેર હરાજી કરી વેરા વસુલાત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં જરૂરી દરખાસ્ત કરી મંજુરી મળ્યેથી ઘટતી કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૧૨) :** સરકારશ્રીની સુચના અનુસાર પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ૫૦ માઇક્રોનથી ઓછી સાઇઝનાં પ્લાસ્ટીકનાં ઉપયોગ માટે પ્રતિબંધ લાદવા જરૂરી નિયમો બનાવી તેનો અમલ કરવા બાબત.

**ઠરાવ નં. ૧૪ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ સી. તળપદા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીની સુચના અનુસાર પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ૫૦ માઇક્રોનથી ઓછી સાઇઝનાં પ્લાસ્ટીકનાં ઉપયોગ માટે પ્રતિબંધ લાદવા જરૂરી નિયમો બનાવી તેનો અમલ કરવા બાબત નું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ૨૦૧૯ મુ વર્ષ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ તરીકે ઉજવવામાં આવનાર છે. જેમાં સફાઇ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. અને વિશ્વ પર્યાવરણ દિન અંતર્ગત સ્વચ્છતા અભિયાનનાં ભાગરૂપે ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇ ધરાવતાં પ્લાસ્ટીકનાં ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે. તેનાં અમલીકરણ અર્થે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇ ધરાવતાં પ્લાસ્ટીકનાં ઉપયોગ પર પ્રતિબંધ લાદવા ઠરાવવામાં આવે છે. અને કામ સાથે સામેલ પોલિસી નકકી કરી તેનો તા.૦૧/૦૮/૨૦૧૮ થી ચૂસ્તપણે અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૧૩) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં પાણીનો વ્યય થતો અટકાવવા અને છુટુ પાણી ઢોળી ગંદકી કરતાં ઇસમો સામે કડક પગલાં લેવા બાબતનાં નિયમો બનાવવા તથા તેનો અમલ કરવા બાબત.

**ઠરાવ નં. ૧૫ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ સી. તળપદા, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં પાણીનો વ્યય થતો અટકાવવા અને છુટુ પાણી ઢોળી ગંદકી કરતાં ઇસમો સામે કડક પગલાં લેવા બાબતનાં નિયમો બનાવવા તથા તેનો અમલ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ૨૦૧૯ મુ વર્ષ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ તરીકે ઉજવવામાં આવનાર છે. જેમાં સફાઇ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. જેથી શહેરમાં છુટુ પાણી ઢોળી ગંદકી કરતાં ઇસમો સામે યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે. અને તેનાંથી પાણીનો બગાડ પણ ખૂબજ પ્રમાણમાં થાય છે. તેમજ નગરપાલિકા દ્વારા શહેરમાં આપવામાં આવતાં પાણી પૂરવઠાનાં ખર્ચ સામે તેની પાણી વેરાની વસુલાત આવક ખૂબજ નબળી છે. સદર બાબતે તેનાં નિયમો બનાવવા અને જરૂરી વાંધાઓ મેળવી આખરી નિર્ણયનો અમલ કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૧૪) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઘન કચરાનાં સુયોગ્ય નિકાલ અને વ્યવસ્થાપન અંગેનાં નિયમો બનાવી તેનો અમલ કરવા બાબત.

**ઠરાવ નં. ૧૬ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઘન કચરાનાં સુયોગ્ય નિકાલ અને વ્યવસ્થાપન અંગેનાં નિયમો બનાવી તેનો અમલ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ૨૦૧૯ મુ વર્ષ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ તરીકે ઉજવવામાં આવનાર છે. જેમાં સફાઇ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. અને વિશ્વ પર્યાવરણ દિન અંતર્ગત સ્વચ્છતા અભિયાનનાં ભાગરૂપે શહેરમાંથી નીકળતો રોજબરોજના ઘનકચરાનો નિકાલ, એકત્રિકરણ, પરિવહન, ટ્રીટમેન્ટ અને નિકાલની વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકાય તે માટે તેનાં નિયમો બનાવવા ખૂબજ આવશ્યક છે. જે નિયમો નક્કી કરવા અને વાંધાઓ મેળવી આખરી નિર્ણયનો અમલ કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૧૫) :** પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૫૨/ તા.૧૮/૦૨/૨૦૧૬ તથા ઠરાવ નં.૯૧/ તા.૧૧/૦૮/૨૦૧૬ થી પ્રિમીયમની રકમ લઇ દુકાનો ભાડે આપવા તથા ઠરાવ નં.૧૬૦ / તા.૦૭/૦૨/૨૦૧૭ નાં રોજથી રીફંડેબલ ડિપોઝીટની રકમ લઇ દુકાનો ભાડે આપવા બાબતે કરેલ ઠરાવ રદ કરી તેવા શોપિંગ સેન્ટરની દુકાનો ૧૧ માસનાં કરાર આધારિત દુકાનો ભાડે આપવા બાબત.

**ઠરાવ નં. ૧૭ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી વિજયભાઇ. સી. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૫૨/ તા.૧૮/૦૨/૨૦૧૬ તથા ઠરાવ નં.૯૧/ તા.૧૧/૦૮/૨૦૧૬ થી પ્રિમીયમની રકમ લઇ દુકાનો ભાડે આપવા તથા ઠરાવ નં.૧૬૦ / તા.૦૭/૦૨/૨૦૧૭ નાં રોજથી રીફંડેબલ ડિપોઝીટની રકમ લઇ દુકાનો ભાડે આપવા બાબતે કરેલ ઠરાવ રદ કરી તેવા શોપિંગ સેન્ટરની દુકાનો ૧૧ માસનાં કરાર આધારિત દુકાનો ભાડે આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલકા હસ્તકનાં વિવધ શોપિંગ સેન્ટરો પૈકી સરદાર પટેલ સુપર માર્કેટની અને ડો.બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટરની બાકી રહેલ દુકાનો પ્રિમીયમની રકમ વસુલ લઇ ભાડે આપવા સામાન્ય સભામાં ઠરાવ નં.૧૫૨/ તા.૧૮/૦૨/૨૦૧૬, ઠરાવ નં.૯૧/ તા.૧૧/૦૮/૨૦૧૬ તથા ઠરાવ નં.૧૬૦/ તા.૦૭/૦૨/૨૦૧૭ થી ઠરાવ કરી પ્રિમીયમની રકમ વસુલ લઇ દુકાનો ભાડે આપવા ઠરાવેલ હતું. સદર ઠરાવોમાં વારંવાર ફેરફાર ઠરાવ કરવામાં આવવા છતાં જોઇએ તેટલો પ્રતિસાદ મળેલ નથી. તેથી તે તમામ ઠરાવો આજની સભામાં રદ કરવા ઠરાવવામાં આવે છે. અને આવી દુકાનો જો અગાઉની જેમ ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવામાં આવે તો લગભગ બધી દુકાનો ભાડે જાય તેમ છે. જેનાંથી સંસ્થાની ભાડાની આવક ઊભી થાય તેમ છે. જેથી આવી ખાલી રહેલ દુકાનો ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવા ઠરાવવામાં આવે છે. આ અંગેનો અમલ તા૦૧/૦૮/૨૦૧૮ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૧૬) :** સરકારશ્રીમાંથી પેટલાદ નગરપાલિકાને વર્ષ ૨૦૧૮-૧૯ માં ફાળવેલ યુ.ડી.પી-૮૮ હેઠળની તથા આવનાર તમામ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો બાબત.

**ઠરાવ નં. ૧૮ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીમાંથી પેટલાદ નગરપાલિકાને વર્ષ ૨૦૧૮-૧૯ માં ફાળવેલ યુ.ડી.પી-૮૮ હેઠળની તથા આવનાર તમામ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં આંતર માળખાકીય સુવિધાઓ માટે પેટલાદ નગરપાલિકાને જનરલ સદર હેઠળની રૂા.૨.૦૬૬૭ કરોડ, એસ.સી.એસ.એસપી. સદર હેઠળ રૂા.૦.૪૩૮૬ કરોડ તેમજ ટી.એ.એસ.પી. સદર હેઠળની રૂા.૦.૪૯૪૭ કરોડ મળી કુલ રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી અને ફાળવવામાં આવનાર તમામ વિવિધ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૧૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોનાં બાકી વેરા પર ચઢેલ નોટીસ ફીની રકમ માફ કરવા અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા બાબત.

**ઠરાવ નં. ૧૯ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોનાં બાકી વેરા પર ચઢેલ નોટીસ ફીની રકમ માફ કરવા અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ તેની વેરા વસુલાતની ટકાવારીને આધિન ફાળવવામાં આવનાર છે. જેમાં પેટલાદ નગરપાલિકાની હાલમાં ૩૮% જેટલી વસુલાત છે. જેમાં વધારો કરવા જરૂરી પગલાં લેવા આવશ્યક છે. તેથી બાકીદારોનાં વેરાની રકમમાં ચઢેલ નોટીસ ફીની રકમ માફ કરવાની યોજના મુકવામાં આવે તો ઘણી મિલકતોનાં વેરા ચૂકતે વસુલ થઇ શકે તેમ છે. આ યોજનાનો શહેરનાં બાકીદારો વધુમાં વધુ લાભ લઇ શકે અને વધુ વસુલાત કરી શકાય તે માટે જો આ યોજના આગામી સપ્ટેમ્બર માસથી ૩૧ મી માર્ચનાં નાણાંકીય વર્ષ પુરું થતાં સુધીની રાખવા યોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેરા બાકીદારોની મિલકત પર ચઢાવવામાં આવેલ નોટીસ ફી ની માફી યોજના જણાવેલ સમયગાળા માટે મુકવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાંથી જરૂરી મંજુરી મેળવવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. અને મંજુરી મળ્યેથી મંજુરીને આધિન તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-<br>
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)<br>
પ્રમુખ<br>
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૧૮) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રાજય સરકારશ્રીની પોલિસ વિભાગની આવેલ મિલકતો બાબતે મુંબઇ પોલિસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૫૪ અન્વયે તેઓની મિલકતોને વેરામાંથી મુક્તિ આપવા બાબત.

**ઠરાવ નં. ૨૦ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રાજય સરકારશ્રીની પોલિસ વિભાગની આવેલ મિલકતો બાબતે મુંબઇ પોલિસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૫૪ અન્વયે તેઓની મિલકતોને વેરામાંથી મુક્તિ આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં મુંબઇ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૫૪ અન્વયે રાજયમાં આવેલ પોલિસ વિભાગની મિલકતો પર કરમુક્તિ આપવામાં આવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પોલિસ વિભાગની આવી મિલકતોને વેરામાંથી માફી આપવાપાત્ર થાય છે. જેથી આવી મિલકતોને વેરામાંથી મુક્તિ આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરી મંજુરી મળ્યેથી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે.

આ ઉપરાંત રાજય સરકારશ્રીનાં તાલુકા શિક્ષણ સમિતિ હસ્તક આવેલ મિલકતો અને ગુજરાત ઔદ્યોગિક તાલીમ સંસ્થાની મિલકતો ના સત્તાધિકારીઓ દ્વારા વેરાની રકમ ભરપાઇ કરવામાં આવતી નથી. જેથી નગરપાલિકાનાં માંગણાની રકમ વધતી જાય છે તેની સામે આવક થતી નથી. જેથી વસુલાત ટકાવારી દર નીચો રહે છે. આ માટે સરકારશ્રીમાં યોગ્ય માર્ગદર્શન મેળવવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. તથા કેન્દ્ર સરકારશ્રીની આવેલ મિલકતોમાં ધારા ધોરણો મુજબ જો તેવી મિલકતોમાં કોઇ સર્વિસ મેળવવામાં આવે તો તેની આકારણી ૭૫% લેખે કરી કર ભરવાપાત્ર છે.પરંતુ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આવી મિલકત પોસ્ટ ઓફિસના તેમજ ગુજરાત ઔદ્યોગિક તાલિમ સંસ્થા દ્વારા પણ વેરા જે તે સત્તાધિકારીઓ દ્વારા વેરા ભરપાઇ કરવામાં આવતાં નથી. જેથી સદર બાબતે પણ સરકારશ્રીમાં યોગ્ય માર્ગદર્શન મેળવવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-<br>
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)<br>
પ્રમુખ<br>
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-
૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૧૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી જે મિલકતોનાં વધુ પડતા બાકી વેરા પરત્વે જે તે મિલકતની બાકી રકમ કરતાં મિલકતની બજાર કિંમત ઓછી થવાનાં પ્રસંગે સીટી સર્વે કચેરીમાં તારણ નોંધ મુકી નગરપાલિકાનો બોજો પાડવા બાબત.

**ઠરાવ નં. ૨૧ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી જે મિલકતોનાં વધુ પડતા બાકી વેરા પરત્વે જે તે મિલકતની બાકી રકમ કરતાં મિલકતની બજાર કિંમત ઓછી થવાનાં પ્રસંગે સીટી સર્વે કચેરીમાં તારણ નોંધ મુકી નગરપાલિકાનો બોજો પાડવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વધુ પડતી રકમનાં બાકીદારોની મિલકતો પરત્વે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૩૩ તથા ૧૩૪ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે તો નગરપાલિકાની આવી મોટી રકમનાં બાકીદારોની વસુલાત કરી શકાય. પરંતુ કેટલાંક સંજોગોમાં મિલકતની બજાર કિંમત કરતાં વેરાની રકમ વધુ થવા જાય તેવા સંજોગોમાં નગરપલિકા દ્વારા જો આવા બાકીદારોની મિલકતો પર નગરપાલિકાની તારણ નોંધ મુકી બોજો લાદવામાં આવે તો ભવિષ્યમાં પણ આવી રકમની વસુલાત થઇ શકે તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોની બજાર કિંમત કરતાં વેરાની રકમ વધુ થવાના પ્રસંગે સીટી સર્વે કચેરીમાં નગરપાલિકાનો બોજો નાંખવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીની સંલગ્નિત કચેરીમાં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. અને તે મંજુરીને આધિન તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૨૦) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કોલેજ ચોકડી પાસે આવેલ સર્કલ તથા રણછોડજી મંદિર પાસે આવેલ સર્કલ અનુક્રમે શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તથા શ્રી ગુરૂકૃપા જવેલર્સ દ્વારા પી.પી.પી. મોડેલ થી ડેવલોપ કરવા અંગે તેઓનાં આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૨ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કોલેજ ચોકડી પાસે આવેલ સર્કલ તથા રણછોડજી મંદિર પાસે આવેલ સર્કલ અનુક્રમે શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તથા શ્રી ગુરૂકૃપા જવેલર્સ દ્વારા પી.પી.પી. મોડેલ થી ડેવલોપ કરવા અંગે તેઓનાં આવેલ પત્ર વંચાણમાં લીધાં. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કોલેજ ચોકડી પાસે આવેલ સર્કલ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ તેઓનાં પોતાનાં ખર્ચે પી.પી.પી. મોડેલ (પબ્કિ પ્રાઇવેટ પાર્ટનરશીપ-લોકભાગીદારી) થી ડેવલોપ કરવા અને પોતાની જાહેરાત કરી એ.પી.એમ.સી. સર્કલ તરીકે નામ આપવા પત્ર પાઠવી જણાવેલ છે. જેમાં નગરપાલિકાએ કોઇપણ જાતનો ખર્ચ કરવાનો રહેતો નથી. તથા કોલેજ ચોકડીથી રણછોડજી મંદિર સુધી આવેલ ડીવાઇડર પર બેટી બચાઓ, બેટી પઢાઓ ની થીમ આધારિત પોસ્ટર સાથે તેને સ્વખર્ચે ડેવલોપ કરવા અને રણછોડજી મંદિર પાસે આવેલ ફુવારાને બદલે સર્કલ ડેવલોપ કરવા શ્રી ગુરૂકૃપા જવેલર્સ દ્વારા પત્ર પાઠવી જણાવેલ છે. જે આવેલ પત્રો મંજુર કરવા ઠરાવવામાં આવે છે. અને તેઓને કામગીરી કરવા મંજુરી આપવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા તથા સદર બાબતનાં ખાસ નિયમો બનાવવા અને અમલ કરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-
૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. :(૨૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જાન્યુઆરી-૧૮ થી માહે માર્ચ-૧૮ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૩ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જાન્યુઆરી-૧૮ થી માહે માર્ચ-૧૮ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી કામ સાથે રજૂ કરેલ અરજીઓમાં જણાવેલ મિલકતો વેચાણ થવાથી અથવા વારસાઇથી કે અન્ય કિસ્સામાં નવિન માલિકોનાં નામ ઘરવેરાની આકારણી પત્રકે દર્શાવવા અંગે આવેલ અરજીઓની તૈયાર કરેલ યાદીમાં અ.નં. ૧૯૮ થી ૨૬૨ માં સમાવિષ્ટ મિલકતોનાં માલિકો દ્વારા રજૂ કરવામાં આવેલ નિયમાનુસારનાં જરૂરી સાધનિક પુરાવા આધારે જે તે નવિન માલિકનાં નામે મિલકત તબદીલ કરવા મે.ચીફ ઓફિસરશ્રીએ મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા જે તે મિલકતોનાં માલિકોની સંસ્થાનાં બાકી તમામ વેરા તથા તેને લગતી ટ્રાન્સફર ફી ની રકમ વિગેરે ચૂક્તે વસુલ લઇ આકારણી પત્રકે નવિન માલિકનાં નામ પુરાવા આધારે દર્શાવવા કરેલ કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. :(૨૨) :** પેટલાદ નગરપાલિકા કાર્યલયમાં આવેલ રા.પ્રમુખશ્રી તથા મે.ચીફ ઓફિસરશ્રીની રૂમમાં સામાન્ય સભામાં થયેલ ઠરાવ આધારે વાતાનુકૂલિત સીસ્ટમ (એસી) બેસાડવા બાબતે જરૂરી બારી-બારણાની એલ્યુમિનીયમ સેકશનની કામગીરી કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૪ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ હેતલબેન. એ. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા કાર્યલયમાં આવેલ રા.પ્રમુખશ્રી તથા મે.ચીફ ઓફિસરશ્રીની રૂમમાં સામાન્ય સભામાં થયેલ ઠરાવ આધારે વાતાનુકૂલિત સીસ્ટમ (એસી) બેસાડવા બાબતે જરૂરી બારી-બારણાની એલ્યુમિનીયમ સેકશનની કામગીરી કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા કાર્યાલયમાં મે.ચીફ ઓફિસરશ્રી તથા રા.પ્રમુખશ્રીની ઓફિસમાં વાતાનુકૂલિત સીસ્ટમ (એસી) બેસાડવા અંગે સામાન્ય સભામાં ઠરાવ કરવામાં આવેલ છે. તે આધારે આ બન્ને રૂમમાં એસી બેસાડવાથી રૂમનું વાતાવરણ યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે બારી બારણામાં એલ્યુમિનિયમ સેકશનથી ફીટીગ કરાવવા આવશ્યક હોવાથી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ આ કામગીરી કરાવવા રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૪૮,૯૭૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાmવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૨૩)** : પેટલાદ નગરપાલિકા દ્વારા હાલમાં નવિન બનાવવામાં આવેલ દુકાનો ૧૧ માસનાં કરાર આધારિત જાહેર હરાજીથી ભાડે આપવા બાબત.

**ઠરાવ નં. ૨૫ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા હાલમાં નવિન બનાવવામાં આવેલ દુકાનો ૧૧ માસનાં કરાર આધારિત જાહેર હરાજીથી ભાડે આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા તાજેતરમાં નવિન શોપિંગ સેન્ટરો બનાવવામાં આવેલ છે. તેની દુકાનો કામ સાથે સામેલ નિયમોને આધિન ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવા યોગ્ય જણાય છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શોપિંગ સેન્ટરની જગ્યા | દુકાનોની સંખ્યા | ભાડાની તળિયાની કિંમત |
|---|---|---|---|
| (૧) | રંજન સિનેમા સામે આવેલ હયાત દુકાનોનાં ઉપરનાં માળની દુકાનો | ૦૮ | રૂા.૨૫/- પ્રતિ ચો.ફુટ |
| (૨) | ટી.પી.સ્કીમ નં.૧ ફા.પ્લોટ નં.૨/એ (આશાપુરી રોડ) | ૧૭ | રૂા.૨૦/- પ્રતિ ચો.ફુટ |
| (૩) | ટી.પી.સ્કીમ નં.૧ ફા.પ્લોટ નં.૩૦ (વિરાંજલિ ગાર્ડન) | ૨૨ | રૂા.૨૦/- પ્રતિ ચો.ફુટ |
| (૪) | ટી.પી.સ્કીમ નં.૧ ફા.પ્લોટ નં.૩૦ (વિરાંજલિ ગાર્ડન- ઓપન માર્કેટ) | ૧૧ | રૂા.૧૫/- પ્રતિ ચો.ફુટ |
| (૫) | કૈલાસ ધામ પાસે (શાયોના શોપિંગ સેન્ટર) | ૦૧ | રૂા.૨૦/- પ્રતિ ચો.ફુટ |

ઉપર જણાવેલ વિગતે જાહેર નિવીદા બહાર પાડી બંધ કવરમાં ઓફર મંગાવી નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી ૧૧ માસનાં કરાર આધારિત દુકાનો ભાડે આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

**કામ નં. :(૧)** : પેટલાદ નગરપાલિકામાં ઇ-નગર અંતર્ગત સંસ્થાનાં વિવિધ વિભાગોની ડેટા એન્ટ્રી કરવા માટે ફીકસ પગારથી કોમ્પ્યુટર ઓપરેટરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૬ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ઇ-નગર અંતર્ગત વિવિધ વિભાગોની ડેટા એન્ટ્રી માટે કોમ્પ્યુટર ઓપરેટરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીની સુચના અનુસાર દરેક નગરપાલિકાઓને ઇ-નગર અંતર્ગત સમાવેશ કરવામાં આવનાર છે. જેમાં સંસ્થાનાં મોટા ભાગની કામગીરી ઓનલાઇન કરવામાં આવનાર છે. તે માટે નગરપાલિકાના તમામ વિભાગનો હાલનો ડેટા સરકારશ્રીનાં નિયત ફોર્મેટમાં એન્ટ્રી કરવાનો થાય છે. નગરપાલિકામાં હાલમાં ઉપલબ્ધ કોમ્પ્યુટર ઓપરેટર તથા જાણકાર કર્મચારીઓ પાસેથી આ કામગીરી કરાવવામાં આવે તો બહોળા પ્રમાણમાં અને તમામ વિભાગોનાં ડેટા નિયત ફોર્મેટ તથા ચોકકસ ફોન્ટમાં જ કરવાની થતી હોવાથી કામગીરીમાં વિલંબ થાય અને રાબેતા મુજબનું રોજબરોજનું કામ કાજ ખોરવાઇ જવાની શકયતા રહે છે. જેથી આવી કામગીરીનાં જાણકાર અને **DOACC** ની ડીગ્રી ધરાવતાં, ઓટોકેડ, ટેલી જેવા પ્રોગ્રામનાં જાણકાર કોમ્પ્યુટર ઓપરેટરની નિમણૂંક કરવામાં આવે તો સંસ્થાની આ કામગીરી ઝડપથી થઇ શકે અને ઓફિસનું રોજીંદુ કામ પણ કરી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકામાં ઇ-નગર અંતર્ગત વિવિધ વિભાગોની ડેટા એન્ટ્રી માટે જણાવેલ લાયકાત મુજબ સરકારશ્રીનાં ધારા ધોરણનાં ફીકસ પગારથી કોમ્પ્યુટર ઓપરેટરની નિયમાનુસારની પ્રક્રિયાથી નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાંથી મંજુરી મેળવી મંજુરીને આધિન તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાનવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. :(૨) :** મ્યુનિ. સભ્યશ્રીમતિ રીટાબેન. યુ. શાહ, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ, શ્રી અસ્લમબેગ. એ. મિરઝાં, શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રી સૌરભભાઇ. એન. પટેલ તથા શ્રી નિરંજનભાઇ. પી. પટેલના. આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૬ / તા.૦૩/૦૭/૨૦૧૮**

મ્યુનિ. સભ્યશ્રીમતિ રીટાબેન. યુ. શાહ, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ, શ્રી અસ્લમબેગ. એ. મિરઝાં, શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રી સૌરભભાઇ. એન. પટેલ તથા શ્રી નિરંજનભાઇ. પી. પટેલના. આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, ઉપરોકત જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા>વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**તા.૩૦/૧૦/૨૦૧૮**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૩૦/૧૦/૨૦૧૮ ને મંગળવારનાં રોજ સાંજનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નયનાબેન આર. પટેલ | સભ્યશ્રી |
| (૪) | શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા | ” |
| (૫) | શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | ” |
| (૬) | શ્રી ઇમદાદઅલી જે. સૈયદ | ” |
| (૭) | શ્રીમતિ જયાબેન એ. વાઘેલા | ” |
| (૮) | શ્રીમતિ રેણુકાબેન આર. વાઘેલા | ” |
| (૯) | શ્રી રસિકભાઇ જે. મકવાણા | ” |
| (૧૦) | શ્રી સૌરભભાઇ એન. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | ” |
| (૧૨) | શ્રીમતિ હેતલબેન એ. પટેલ | ” |
| (૧૩) | શ્રી પુનિતકુમાર એમ. ડાભી | ” |
| (૧૪) | શ્રી ભાવિનકુમાર એમ. પટેલ | ” |
| (૧૫) | શ્રીમતિ રેહાનાબાનુ એ. ખલીફા | ” |
| (૧૬) | શ્રી ફઇમાબાનુ ડી. મલેક | ” |
| (૧૭) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૮) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૯) | શ્રીમતિ રીટાબેન યુ. શાહ | ” |
| (૨૦) | શ્રી ગોપાલભાઇ એમ. ગાંધી | ” |
| (૨૧) | શ્રીમતિ કલ્પનાબેન આર. પટેલ | ” |
| (૨૨) | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | ” |
| (૨૩) | શ્રી જયેશકુમાર કે. પટેલ | ” |
| (૨૪) | શ્રીમતિ રફીકનબીબી એસ. મલેક | ” |
| (૨૫) | શ્રીમતિ સાયનાબીબી એમ. સૈયદ | ” |
| (૨૬) | શ્રી અબરારબેગ ડી. મિરઝાં | ” |
| (૨૭) | શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી | ” |
| (૨૮) | શ્રીમતિ જુબેદાબાનુ આર. પઠાણ | ” |
| (૨૯) | શ્રી વિજયભાઇ સી. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ જરૂરી વિષય તરીકેનાં કામો પૈકી કામ નં.૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ છે તે સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા સભાખંડમાંથી બહાર જાય છે.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**જ.વિ. કામ નં. (૧) :** ભારતનાં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઇજી, તથા પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રીમતિ ગૌરીબેન દેવાભાઇ જાદવનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન તથા દેશ કાજે શહીદ થયેલ વીર જવાનોના થયેલ દુઃખદ અવસાન પ્રસંગે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૨૮ / તા.૩૦/૧૦/૧૮**

શોક ઠરાવ

નામદાર હાઇ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સી.એ. નં.૧૦૮૫૫/૨૦૧૮ પરત્વે પેટલાદ નગરપાલિકાનાં બચાવ જવાબો રજૂ કરવા વકીલ શ્રી દિપકભાઇ સંચેલાને રોકવા બાબતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં કોન્ટ્રાકટનાં કામદાર સુપરવાઇઝર શ્રી પરેશકુમાર કાંતિભાઇ પટેલ એ આણંદ ખાતે આવેલ નામદાર મજુર અદાલતમાં તેઓને કાયમી પગારધોરણોનો લાભ આપવા અપીલ દાખલ કરવામાં આવતાં નગરપાલિકા વિરુધ્ધ ચુકાદો આવેલ હતો. જેથી નગરપાલિકા દ્વારા દાદ માંગવા નામદાર હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ હતી. જેનો ચૂકાદો પણ નગરપાલિકા વિરુધ્ધ આવેલ છે. જેથી તેઓને કાયમી પગાર ધોરણોનાં લાભ આપવાપાત્ર થાય છે. પરંતુ મે. નગરપાલિકા નિયામકશ્રીની કચેરી ખાતેથી તેઓની ભરતી કરવા બાબતે કોઇ મંજુરી ન આપતાં તેઓને કાયમી પગાર ધોરણોનાં લાભ આપી શકાતાં નથી. જેથી કોર્ટ ઓફ કંટેમ્પ્ટ થાય તેમ હોઇ અને તેઓને સોંપવામાં આવેલ ફરજની કામગીરી જોતાં તેઓને કાયમી ધોરણનાં પગારનાં લાભો મળે તે યોગ્ય છે. તેથી નગરપાલિકા તરફે દાદ માંગવા તથા મે. નગરપાલિકા નિયામકશ્રી કચેરી ખાતેથી મંજુરી મેળવવા બાબતે નામદાર હાઇકોર્ટમાં સમયમર્યાદામાં અપીલ દાખલ કરવી જરૂરી હતી. જેથી નામદાર હાઇકોર્ટમાં આ અંગે દાખલ કરવામાં આવેલ સ્પે.સી.એ. નં. ૧૦૮૫૫/૨૦૧૮ બાબતે નગરપાલિકાનાં બચાવ જવાબો રજૂ કરવા તથા મુદતોમાં હાજર રહેવા અંગે નામદાર હાઇકોર્ટનાં વકીલ શ્રી દિપકભાઇ સંચેલાને રોકવા બાબતે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે તથા નીચાણવાળા વિસ્તારોમાં ભરાઇ રહેતાં પાણીનાં નિકાલ કરવાનાં કામે ટોપલેન્ડ બ્રાન્ડ ૧૦ એચ.પી. નો મડ પંપ ખરીદ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૩ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ ડી. મિરઝાં, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે તથા નીચાણવાળા વિસ્તારોમાં ભરાઇ રહેતાં પાણીનાં નીકાલ કરવાનાં કામે ટોપલેન્ડ બ્રાન્ડ ૧૦ એચ.પી.નો મડ પંપ ખરીદ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રોજબરોજની ભૂગર્ભ ગટરની આવતી ફરિયાદોનું નિવારણ કરવા મરામતની કામગીરી હાથ ધરવામાં આવે છે. અને ત્યારે જે તે મરામતના સ્થળે ભરાઇ જતાં પાણીનો નિકાલ કરવા મડ પંપની જરૂરિયાત રહે છે. તાજેતરમાં વરસાદની સીઝનમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ જવાથી રોગચાળો ફાટી ન નીકળે તે માટે પાણીનો યોગ્ય નીકાલ કરવો આવશ્યક હોઇ ભરાઇ રહેલ પાણીનો ત્વરિત નીકાલ કરવા આવી કામગીરી માટે ઉપયોગી એવા ટોપલેન્ડ બ્રાન્ડનો ૧૦ એચ.પી.વાળો મડ પંપ (ડંકી) નંગ-૦૧ તેની એસેસરીઝ સહિત ખરીદ કરવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૭૪,૬૧૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૪ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ ડી. મિરઝાં, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત જુદા જુદા વિભાગોની કામગીરીને અનુલક્ષીને પ્રોપર્ટી ટેક્ષ, મેરેજ રજીસ્ટ્રેશન, જન્મ-મરણ, વ્યવસાય વેરા, બી.પી.એલ. વિગેરે જેવા સોફ્ટવેર જરૂરી કાર્યવાહી હાથ ધરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. આ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સ માટે ગત વર્ષે હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સામાન્ય સભાનાં ઠરાવ નં.૭ / તા. ૧૩/૧૦/૨૦૧૭ થી ઠરાવ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. આ તમામ સોફ્ટવેર તેઓ પાસેથી જ ખરીદ કરેલ હોઇ મેન્ટેનન્સ કામગીરી સરળતાથી થઇ શકે છે. વધુમાં સોફ્ટવેર ખરીદ કર્યેથી ગત વર્ષ સુધી પ્રતિ વર્ષ આ એજન્સી પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે છે. તેથી તેઓ અનુભવી અને જાણકાર પણ છે. તથા આ સમયગાળા દરમ્યાન તેઓની મેન્ટેનન્સની કામગીરી સંતોષકારક રહેલ છે. જે જોતાં આગામી નાણાંકીય વર્ષ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી તેઓને સોંપવા હિતાવહ જણાય છે. પરંતુ સરકારશ્રીની સુચના અનુસાર ઇ-નગર યોજના અન્વયે આ તમામ પ્રોગ્રામ ઓનલાઇન પ્રક્રિયામાં તબદીલ કરવામાં આવનાર છે અને તે પૈકી જન્મ, મરણ અને લગ્ન નોંધણી એ ઓનલાઇન પ્રક્રિયા સાથે જોડવામાં આવેલ છે. જેથી સરકારશ્રીની મળનાર આગામી સૂચના અન્વયે ઘરવેરા વિભાગની તથા અન્ય વિભાગોનાં મળી તમામ ડેટા એન્ટ્રી સરકારશ્રીનાં ઓનલાઇન સોફ્ટવેર માટે તબદીલ કરી આપવાની શરતે અને તે કારણસર જે સોફ્ટવેરનો ઉપયોગ બંધ થાય તેવા સંજોગોમાં તે દિવસથી મેન્ટેનન્સનો ખર્ચ બાદ કરી આપવાની શરતે પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફ્ટવેરની વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સને ૨૦૧૮-૧૯ નાં વર્ષ માટે પણ હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સોંપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં એકાઉન્ટીગ સીસ્ટમ તથા નગરપાલિકાની વેબસાઇટ અને મેન્ટેનન્સનાં મળી કુલ આવેલ રૂ.૧,૫૭,૦૨૦/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** પેટલાદ નગરપાલિકામાં ઇ-નગર અંતર્ગત જરૂરી કલર પ્રિન્ટર નવિન ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૫ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ઇ-નગર અંતર્ગત જરૂરી કલર પ્રિન્ટર નવિન ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીની સૂચના અનુસાર પેટલાદ નગરપાલિકામાં ઇ-નગરનાં ગો-લાઇવ સોફ્ટવેર જન્મ- મરણ વિભાગ તથા વ્યવસાય વેરા વિભાગમાં કાર્યરત કરવામાં આવેલ છે. અને તે માટે કલર પ્રિન્ટર નંગ-૦૨ ની જરૂરિયાત રહે છે. જેથી સદર કામગીરી સમયમર્યાદામાં કરવાની થતી હોઇ જન્મ-મરણ અને લગ્નનાં પ્રમાણપત્ર તેમજ વ્યવસાય વેરાનાં પ્રમાણપત્ર ઓનલાઇન તૈયાર કરી આપવા માટે જરૂરી કલર પ્રિન્ટર વિથ સ્કેનર નંગ- ૦૨ નવિન ખરીદ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂ.૫૬,૦૦૦/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૧૮) :** પેટલાદ નગરપાલિકામાં મિકેનીકલ આસિસ્ટન્ટની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી મહેશભાઇ કાંતિભાઇ પટેલ વિદેશ પ્રવાસે ગયેલ હોવાથી તેઓનું આવેલ રાજીનામુ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૪૬ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ ડી મિરઝાં, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં મિકેનીકલ આસિસ્ટન્ટની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી મહેશભાઇ કાંતિભાઇ પટેલ વિદેશ પ્રવાસે ગયેલ હોવાથી તેઓનું આવેલ રાજીનામું મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં મિકેનીકલ આસિસ્ટન્ટની ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી મહેશભાઇ કાંતિભાઇ પટેલ વિદેશ પ્રવાસ જતાં તેઓએ લેખિતમાં સ્વૈચ્છિક શરતી રાજીનામુ આપેલ હતું જેમાં જણાવ્યા અનુસાર તેઓની નીકળતી હક્ક રજા તથા અન્ય તમામ રજાઓ બાદ જો તેઓ પોતાની ફરજ પર પરત હાજર ન થાય તો તેઓનું સ્વૈચ્છિક રાજીનામુ સ્વીકારવા વિનંતી કરેલ છે. તેથી તેઓની બાકી નીકળતી તમામ રજાઓ કપાત કરતાં તા.૩૧/૦૮/૨૦૧૮ નાં રોજ તમામ રજાઓ પૂર્ણ થયેલ છે. અને હજુ તેઓ વિદેશ હોઇ પોતાની ફરજ પર હાજર થયેલ નથી. અને ટેલિફોનિક ચર્ચા કરતાં તેઓનું રાજીનામુ મંજુર કરવા જણાવેલ છે. તે આધારે તેઓએ રજૂ કરેલ સ્વૈચ્છિક રાજીનામુ મંજુર કરવા પાત્ર થાય છે. જે આવેલ રાજીનામુ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. તેથી તેઓને નિયમાનુસાર ચૂકવવા પાત્ર થતી પી.એફ. અને ગ્રેજયુઇટીની રકમ ઘટતી કાર્યવાહીથી ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રીમતિ ગૌરીબેન દેવાભાઇ જાદવનાં તાજેતરમાં અવસાન થવાથી તેઓનાં વારસદારને નગરપાલિકામાં સરકારશ્રીના ધારાધોરણ અનુસાર ફીકસ પગારથી નિમણૂંક આપવા બાબત.

**ઠરાવ નં. ૪૭ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રીમતિ ગૌરીબેન દેવાભાઇ જાદવનાં તાજેતરમાં અવસાન થવાથી તેઓનાં વારસદારને સરકારશ્રીનાં ધારાધોરણ અનુસાર ફીકસ પગારથી નિમણૂંક આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં શ્રીમતિ ગૌરીબેન દેવાભાઇ જાદવનું તાજેતરમાં અવસાન થયેલ છે. જેથી ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮ / આર તા.૧૮/૧૦/૨૦૧૭ નાં ઠરાવ આધારે વર્ગ-૪ નાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારીનું ફરજ દરમ્યાન અવસાન થાય તો તેવા સંજોગોમાં જે તે સફાઇ કામદારનાં વારસદારને તે જગ્યા પર રહેમરાહે ઉકત ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટની શરતોને આધિન નિમણૂંક આપવા ઠરાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં શ્રીમતિ ગૌરીબેન દેવાભાઇ જાદવનાં તાજેતરમાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી રાકેશભાઇ દેવાભાઇ જાદવને રહેમરાહે નિમણૂંક ઉપરોકત ઠરાવનાં ધારાધોરણો અને પરિશિષ્ટમાં જણાવેલ શરતોને આધિન સરકારશ્રીની પ્રવર્તમાન નિતી અનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગારથી અને ત્યારબાદ યોગ્ય કાર્યવાહીથી નિયત પગાર ધોરણમાં નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૨૦) :** ODF ના કારણે FRP ટોઈલેટ બ્લોક શહેરની વિવિધ જગ્યા એ બેસાડવા બાબત.

**ઠરાવ નં. ૪૮ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર એમ. ડાભી, શ્રી ગોવિંદભાઇ આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

ODF ના કારણે FRP ટોઈલેટ બ્લોક શહેરની વિવિધ જગ્યાએ બેસાડવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ખુલ્લામાં શૌચ ન કરે તે માટે જાહેર શૌચાલયો બનાવવામાં આવેલ છે. પરંતુ કેટલીક જગ્યાઓએ આવા જાહેર શૌચાલય બનાવવા જરૂરી જગ્યાનો અભાવ હોવાથી તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. જાહેરમાં શૌચ બંધ કરવા બાબતે સરકારશ્રી દ્વારા વખતો વખતની યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. તેમ છતાં વંચિત, ગરીબ અને જગ્યાનાં અભાવે શૌચાલય ન બનાવી શકવાનાં કારણે જો તેવા વિસ્તારોમાં રેડીમેઇડ ફાબઇર ટોઇલેટ બ્લોક મુકવામાં આવે તો જાહેરમાં થતાં શૌચ અને ગંદકી અટકાવી શકાય તેમ છે. હાલમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેરમાં શૌચ કરતાં હોય તેવા વિસ્તારનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર હોઇ સમયમર્યાદામાં કામગીરી કરવાની થતી હોઇ રેડીમેઇડ ફાયબર ટોઇલેટ બ્લોક ૧. મલાવ ભાગોળ, ૨. કિશોર પારેખની વાવ ૩. સરફરાજની ચાલી ૪. ખાડાવાળી ચાલી ૫. લુહારની ચાલી ૬. જીનની ચાલી ૭. કૃષ્ણ ચાલ ૮. સોમા પાંચાની ચાલી ૯. શેરપુરાનાં ઝૂપડા ૧૦. ખોડિયારમાતાની ભાગોળ ૧૧. પરભુલાલની ચાલી ૧૨. મીઠા લાલાની ચાલી ૧૩. દેવકુવા વાઘરીવાસ અંદર ૧૪. દેવકુવા વાઘરીવાસ બહાર ૧૫. મલકુવા અને ખંભાતી ભાગોળ સ્લમ વિસ્તાર, પઠાણવાડા મસ્જીદની ચાલી જેવા વિસ્તારોમાં મુકવા માટે જરૂરી રેડીમેઇડ ફાયબર ટોઇલેટ બ્લોક કુલ નંગ ૭૦ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાં પંચની ગ્રાન્ટની રકમમાંથી, સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૮ તા.૦૩/૦૭/૨૦૧૭ થી થયેલ ઠરાવ આધારે મળેલ સત્તાની રૂઇએ ખરીદ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૧૨,૫૯,૯૭૬/- ના ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાને ધ્યાને લઇ સેનેટરી નેપ્કીન ઈન્સીનરેટર મશીન શહેરમાં વિવિધ જગ્યાએ બેસાડવા બાબતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૯ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાને ધ્યાને લઇ સેનેટરી નેપકીન ઇન્સીરેટર મશીન શહેરમાં વિવિધ જગ્યાએ બેસાડવા બાબતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ૨૦૧૯ ના વર્ષમાં પૂજય મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણી સ્વચ્છ ભારત મિશન તરીકે ઉજવવામાં આવનાર છે. જેથી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવે છે. તેનાં ભાગરૂપે એમ.એસ.ડબલ્યુ. રૂલ્સનું પાલન કરતાં સેનેટરી નેપકીનનો સુયોગ્ય નિકાલ કરવો જરૂરી છે. જેથી આવા સેનેટરી નેપકીનનો નિકાલ કરવા માટે શહેરમાં આવેલ શાળા કોલેજોમાં તથા જાહેર સ્થળોએ ઇન્સીલરેટર બોક્ષ કુલ નંગ ૧૦ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાં પંચની ગ્રાન્ટની રકમમાંથી, સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૮ તા.૦૩/૦૭/૨૦૧૭ થી થયેલ ઠરાવ આધારે મળેલ સત્તાની રૂઇએ ખરીદ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૨,૪૫,૦૦૦/- ના ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૨)** : પેટલાદ નગરપાલિકા હસ્તકનાં બાવળી જકાતનાકા વાળી જગ્યાની મિલકત ભાડે આપવા બાબતે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૦ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનાં બાવળી જકાતનાકા વાળી જગ્યાની મિલકત ભાડે આપવા બાબતે આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકા હસ્તકનાં આવેલ બાવળી ઓકટ્રોય નાકા વાળી જગ્યા ભાડે આપવા બાબતનું કામ હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૩)** : પેટલાદ નગરપાલિકાના વારીગૃહ વિભાગના વિવિધ પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ મોટર પંપ તથા એ.ટી.એસ. સ્ટાર્ટર અને કુલ ડીજીટલ વીથ ઓટોમેટેડ કયુબીકલ પેનલ (COR કોડ કેબલ વોટર લેવલ કંન્ટ્રોલર) ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૧ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાનાં વિવિધ પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ મોટર પંપ તથા એ.ટીં.એસ. સ્ટાર્ટર અને કુલ ડીઝીટલ વીથ ઓટોમેટેડ કયુબીકલ પેનલ (COR કોડ કેબલ વોટર લેવલ કંટ્રોલર) ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ હેડવર્કસ તથા સંતરામપુરા હેડ વર્કસ ખાતે અન્ડર ગ્રાઉન્ડ સમ્પમાંથી ઓવર હેડ પાણીની ટાંકીઓ ભરવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં સબમર્સિબલ પંપ ઘણાં જુનાં હોવાથી તે આકસ્મિક રીતે ખોટકાઇ જાય તો શહેરમાં જે તે પંપને સંલગ્નિત વિસ્તારમાં આપવામાં આવતો પાણી પૂરવઠો એકાએક ખોરવાઇ જાય તેમ છે. તેથી સ્પેર પૂલેન ટાઇપ ૫૦ એચ.પી.નાં સબમર્સિબલ પંપ તથા એ.ટી.એસ. પેનલ બોર્ડ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી નવિન ખરીદ કરવા સામાન્ય સભાનાં ઠરાવ નં.૪૦ તા.૧૩/૧૦/૧૭ થી ઠરાવેલ હતું. અને રૂા.૮,૮૩,૧૦૦/- ની રકમની ફાળવણી કરવામાં આવેલ હતી. પરંતુ સદર કામે તેની તાંત્રિક મંજુરી મેળવવા પાણી પૂરવઠા બોર્ડ, આણંદ ખાતે મોકલવામાં આવતાં આ પ્રકારનાં પંપમાં વિજ વપરાશ વધુ થતો હોવાથી વિજ બળતણ બીલ વધુ આવવાની શકયતાઓ જણાવેલ છે. તેથી તેનાં બદલે ૩૫ એચ.પી.નાં સબમર્સિબલ મોટર પંપ ખરીદ કરવામાં આવે તો તેટલાંજ અંદાજમાં પંપ સેટ નંગ -૦૬ ખરીદ કરી શકાય તેમ છે અને વિજ બળતણ પણ ઓછું આવે તેમ છે. જેથી સંસ્થાને ઘણો આર્થિક ફાયદો થાય તેમ છે. અને તેનાંથી અન્ય પંપીંગ સ્ટેશન માટે પણ સ્પેર પંપ મળી રહે તેમ છે. જેથી નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં વિવિધ પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ મોટર પંપ નંગ -૦૬ તથા એ.ટી.એસ. સ્ટાર્ટર કુલ ડીઝીટલ વિથ ઓટોમેટેડ કયુબીકલ પેનલ (૦૪ કોડ કેબલ વોટર કંટ્રોલર) પેનલ બોર્ડ નંગ-૦૩ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે છેલ્લા મંજુર સને ૨૦૧૨-૧૩ નાં એસ.ઓ.આર. મુજબ તૈયાર કરવામાં આવેલ કુલ રૂા.૭,૮૮,૨૮૪/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૪)** : પેટલાદ નગરપાલિકાના વારીગૃહ વિભાગના રણછોડજી હેડ વર્કસ માટે યુ.જી.સંપની મોટર પંપ સુધીની પાઇપ લાઇન અને વિવિધ પંપીગ સ્ટેશનો માટે ૧૪૦.૦૦ એમ.એમ. પી.વી.સી. કોલર પાઇપ નંગ-૩૦ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૨ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી હેડ વર્કસ માટે યુ.જી. સંપની મોટર પંપ સુધીની પાઇપ લાઇન અને વિવિધ પંપીગ સ્ટેશનો માટે ૧૪૦ એમ.એમ. પી.વી.સી કોલર પાઇપ નંગ -૩૦ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રાધાકુવા હેડ વર્કસ તથા કોલેજ ચોકડી પાસે લાયન્સ ગાર્ડન ખાતે અન્ડર ગ્રાઉન્ડ સમ્પમાંથી ઓવર હેડ પાણીની ટાંકીઓ ભરવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં સબમર્સિબલ પંપ ઘણાં જુનાં હોવાથી તે આકસ્મિક રીતે ખોટકાઇ જાય તો શહેરમાં જે તે પંપને સંલગ્નિત વિસ્તારમાં આપવામાં આવતો પાણી પૂરવઠો એકાએક ખોરવાઇ જાય તેમ છે. તેથી રાધાકુવા હેડ વર્કસ માટે સ્પેર સબમર્સિબલ મોટર પંપ તથા કોલેજ ચોકડી લાયન્સ ગાર્ડન માટે પોલ્ડર ટાઇપ મોટર પંપ સેટ અને એ.ટી.એસ. સ્ટાર્ટર, સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી નવિન ખરીદ કરવા સામાન્ય સભાનાં ઠરાવ નં.૪૦ તા.૧૩/૧૦/૧૭ થી ઠરાવેલ હતું. અને રૂા.૫,૨૦,૦૨૮/- ની રકમની ફાળવણી કરવામાં આવેલ હતી. પરંતુ ઉપરોકત ઠરાવ અન્વયે પેટલાદ નગરપાલિકામાં વધુ સંખ્યામાં પંપ મળનાર હોઇ સદર કામને બદલે વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ હેડવર્કસ માટે અન્ડર ગ્રાઉન્ડ સમ્પથી મોટર પંપ સુધીની પાઇપ લાઇન તથા અન્ય પંપીગ સ્ટેશનો માટે ૧૪૦ એમએમ પીવી.સી. કોલર પાઇપ નંગ-૩૦ ખરીદ કરવા ઉચિત જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડ મંદિર પાસે આવેલ હેડ વર્કસ માટે યુ.જી. સમ્પથી મોટર પંપ સુધીની પાઇપ લાઇન તથા અન્ય પંપીગ સ્ટેશન માટે

જરૂરી ૧૪૦ એમએમ પી.વી.સી. કોલર પાઇપ નંગ -૩૦ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર કરવામાં આવેલ કુલ રૂા.૩,૬૩,૯૪૪/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૫)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કૃષ્ણ ચાલ પાસે નગરપાલિકાના પ્લોટમાં વારિગૃહ વિભાગ માટે ૨૫૦ મીમી વ્યાસનો ૧૨૦મી. ઉંડો નવિન બોર બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૩ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કૃષ્ણ ચાલ પાસે નગરપાલિકાનાં પ્લોટમાં વારિગૃહ વિભાગ માટે ૨૫૦ મીમી વ્યાસનો ૧૨૦ મી. ઉંડો નવિન બોર બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પઠાણવાડા, સોહંગ સિનેમા પાછળ હરિજનવાસ, તગીરમીયાંની ચાલી, જુનો ખોડિયાર વાઘરીવાસ, મલેકવાડા, નાના શેખવાડા તથા રઝા સોસાયટીથી નુરતલાવડી સુધીનાં વિસ્તારોમાં હળવા દબાણથી પાણી પૂરવઠો મળતો હોવાથી આ તમામ વિસ્તારોમાં પૂરતા પ્રેશરથી પાણી પૂરવઠો મળી રહે તે હેતુથી ડો.બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટરની બાજુમાં આવેલ નગરપાલિકીની માલિકીની જગ્યામાં નવિન બોર તથા પંપીગ મશીનરી સાથે ફીટીંગ કરાવવા બાબતનું કામ સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૮૬ તા.૧૮/૦૩/૨૦૧૭ થી મંજુર થયેલ હતું. જે બાબતે થયેલ ઠરાવ યથાવત રાખવા ઠરાવવામાં આવે છે. અને આજની કાર્યસૂચિમાં જણાવેલ સદર કામની જગ્યા ફેરબદલ કરવા મુલત્વી રાખી ઠરાવ નં.૧૮૬ / તા.૧૮/૦૩/૨૦૧૭ થી થયેલ ઠરાવ આધારે નક્કી કરેલ જગ્યાએ જ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન બોર બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૬)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં દત્તાત્રેય રેલ્વે ફાટક પાસે પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવાનાં કામે મંગાવવામાં આવેલ ભાવપત્રો પરત્વે સૌથી ઓછા ભાવ શ્રી એચ.આર. મિસ્ત્રી એન્ડ સન્સનાં ૨૪.૩૦% ઊંચા આવેલ ભાવ બાબતે યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૪ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં દત્તાત્રેય રેલ્વે ફાટક પાસે પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવાનાં કામે મંગાવવામાં આવેલ ભાવપત્રો પરત્વે સૌથી ઓછા ભાવ શ્રી એચ.આર. મિસ્ત્રી એન્ડ સન્સનાં ૨૪.૩૦% ઊંચા આવેલ ભાવ બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કોલેજ ચોકડીથી પ્રણવનગર સોસાયટી સુધી લાયન્સ ગાર્ડનમાં આવેલ પંપ દ્વારા પાણી પૂરવઠો પુરો પાડવામાં આવે છે. જેથી ભવિષ્યમાં પ્રણવનગર સોસાયટીથી રોડ ક્રોસ કરી, દત્ત સોસાયટી તથા મહાકાળી સોસાયટી પાસે રોડ ક્રોસ કરી તેમજ આ વિસ્તારમાં વિકાસ પામતાં વિસ્તારો માટે પાણી પૂરવઠો વધુ પુરો પાડવાની જરૂરિયાત રહે. જેથી બાવળી ઓકટ્રોય નાકા પાસે આવેલ પંપ દ્વારા પાણી પૂરવઠો આપી શકાય પરંતુ તે માટે અગાઉથી સદર પાઇપોને એકબીજા સાથે રોડ ક્રોસ કરી જોડાણ આપવું પડે. સદર કામે સામાન્ય સભાનાં ઠરાવ નં.૯૬/ તા૧૪/૦૨/૨૦૧૮ થી આ કામને મંજુર કરવામાં આવેલ છે. હાલમાં દત્તાત્રેય પાસે આવેલ રેલ્વે ફાટકનાં ઓવર બ્રીજ બનાવવાની કામગીરી ચાલુ છે. તેથી બ્રીજની કામગીરી પૂર્ણ થયેથી આવી કામગીરી કરવામાં મુશ્કેલી ઊભી થાય તેમ છે. જેથી આ કામગીરી સમયમર્યાદામાં કરવી આવશ્યક હતી. જેથી સદર કામગીરી હાથ ધરવા માટે નિયમાનુસાર જાહેર નિવિદા બહાર પાડવામાં આવતાં આવેલ ભાવપત્રોમાં સૌથી ઓછા ભાવ શ્રી એચ.આર. મિસ્ત્રી એન્ડ સન્સનાં અંદાજીત કિંમત કરતાં ૨૪.૩૦% ઉંચા ભાવ આવેલ હતાં. જે કામગીરી સમયમર્યાદામાં કરવાની થતી હોઇ આવેલ ભાવ મંજુર કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા(વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઇ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૨૭) :** પેટલાદ નગરપાલિકા હસ્તકનાં વિવિધ શોપિંગ સેન્ટરની જુદી જુદી દુકાનો નવા ભાડુઆતનાં નામે તબદીલ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૫ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનાં વિવિધ શોપિંગ સેન્ટરની જુદી જુદી દુકાનો નવા ભાડુઆતનાં નામે તબદીલ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ વિવિધ શોપિંગ સેન્ટરની જુદી જુદી દુકાનો વેચાણ થવાથી, વારસાઇથી કે અન્ય કિસ્સામાં તબદીલ થવાથી જે તે શોપિંગ સેન્ટરનાં નિયમાનુસાર થતી નિયત ટ્રાન્સફર ફી, બાકી તમામ ભાડુ તેમજ બાકી વેરાની તમામ રકમો વસુલ લઇ સાધનિક પુરાવા મેળવી નવા ભાડુઆતોનાં નામે દુકાન તબદીલ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૮) :** પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી રીપેરીંગ કામગીરી માટે જરૂરી રોડ બ્રેકર મશીન નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૬ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી રીપેરીંગની કામગીરી માટે જરૂરી રોડ બ્રેકર મશીન નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાંથી વારિગૃહ તથા ભૂગર્ભ ગટરની રોજબરોજની આવતી ફરિયાદોનાં નિકાલ કરવામાં આવે છે. આ મરામતની કામગીરીમાં રોડ તોડવાનાં કામે માનવશકિત વધુ વેડફાય છે અને કામગીરી ઝડપથી થઇ શકતી નથી. તેથી જો રોડ બ્રેકર મશીન ખરીદ કરવામાં આવે તો કામગીરીમાં સરળતા રહે અને કામનો ત્વરિત નિકાલ પણ કરી શકાય. તેથી પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી મરામતની કામગીરી માટે ઉપયોગી રોડ બ્રેકર મશીન નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૩૧,૫૦૬/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૯) :** પેટલાદ નગરપાલિકા દ્વારા કૈલાસધામમાં બનાવવામાં આવેલ ગેસ આધારિત નવિન સગડી તથા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીનનાં લોકાર્પણ કાર્યક્રમ યોજવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૭ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા કૈલાસધામમાં બનાવવામાં આવેલ ગેસ આધારિત નવિન સગડી તથા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીનનાં લોકાર્પણ કાર્યક્રમ યોજવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા કૈલાસધામમાં ગેસ આધારિત નવિન સગડી ઘટતી કાર્યવાહીથી બનાવવામાં આવેલ છે.તથા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભીનાં કચરામાંથી ખાતરનું ઉત્પાદન થઇ શકે તેવા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન નવિન ખરીદ કરી લાયન્સ ગાર્ડનમાં બેસાડવામાં આવેલ છે. જેનાં લોકાર્પણ કાર્યક્રમ ૧૫ મી ઓગષ્ટનાં સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને માનનીય રાજય કક્ષાનાં મંત્રી શ્રી રમણલાલ પાટકર સાહેબનાં વરદ્ હસ્તે યોજવા જરૂરી કામગીરી કરાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૧,૩૦,૨૨૭/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઇ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૩૦)** : પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ માટે ઘન કચરાનાં વિભાજન અર્થે કચરાને ચાળવા માટે જરૂરી મશીનરી સાથેનો મોટો ઇ-ચારણો નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૮ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ માટે ઘન કચરાનાં વિભાજન અર્થે કચરાને ચાળવા માટે જરૂરી મશીનરી સાથેનો મોટો ઇ-ચારણો નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાને પ્રાધાન્ય આપેલ હોઇ ઘન કચરાનાં એકત્રિકરણ, વિભાજન, સંગ્રહ તથા પરિવહન કરી આખરી નિકાલ સુધીની વ્યવસ્થા નગરપાલિકાએ કરવાની થાય છે. અને પેટલાદ નગરપાલિકાએ નકકી કરેલ લેન્ડ ફીલ સાઇટ પર એમ.એસ.ડબલ્યુ. રૂલ્સ અન્વયે સુયોગ્ય નિકાલ કરવો જરૂરી છે. તેથી ઘન કચરાનાં વિભાજન અર્થે જરૂરી મશીનરી સાથેનો ઇ-ચારણો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂ.૧,૬૦,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ સ્વચ્છ ભારત મિશનની ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૧)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૩ માં કૃષ્ણ ચાલ પાસે આવેલ નગરપાલિકાનાં ખુલ્લા પ્લોટમાં રેઇન બસેરા બનાવવા ગ્રાન્ટની રકમ મેળવવા બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૯ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૩ માં કૃષ્ણ ચાલ પાસે આવેલ નગરપાલિકાનાં ખુલ્લા પ્લોટમાં રેઇન બસેરા બનાવવા ગ્રાન્ટની રકમ મેળવવા બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં દીન દયાલ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય ઘટક કાર્યરત હોય ત્યાં નવિનીકરણ માટે અને જયાં ન હોય ત્યાં નવિન બનાવવા માટે સરકારશ્રી દ્વારા ગ્રાન્ટની રકમ ફાળવણી કરવામાં આવે છે. જેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવા આશ્રય ઘટક ન હોવાથી નવિન બનાવવા અંગે જરૂરી દરખાસ્ત સરકારશ્રીમાં કરવાની થાય છે. તેથી સરકારશ્રીનાં ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ એસ.યુ.એચ. / ૧૬ / ડી.પી.આર. / ૨૦૧૬-૧૭ / ૨૨૯૫ તા.૧૦/૦૫/૧૭ થી પાઠવેલ પત્ર અન્વયે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઘર વિહોણા લોકો માટે આશ્રય ઘટક કૃષ્ણ ચાલ પાસે આવેલ નગરપાલિકાનાં ખુલ્લા પ્લોટમાં કાર્યરત કરવા હુડકો અને એચપીએલ દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડેલ ડિઝાઇન મુજબ આશ્રય ઘટક બનાવવા સરકારશ્રીમાં જરૂરી ગ્રાન્ટની રકમ મેળવવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂ.૧૫,૨૦,૪૦૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાAવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૨) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઝંડા બજાર પોલીસ ચોકી પાસે આવેલ સરકારી ખુલ્લા પ્લોટમાં ફેરીયાઓ માટે બ્લોક પેવિંગ સહિત શેડ બનાવવા ગ્રાન્ટની રકમ મેળવવા બાબતે સરકારશ્રીનાં ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન ખાતે દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૦ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઝંડા બજાર પોલીસ ચોકી પાસે આવેલ સરકારી ખુલ્લા પ્લોટમાં ફેરિયાઓ માટે બ્લોક પેવિંગ સહિત શેડ બનાવવા ગ્રાન્ટની રકમ મેળવવા બાબતે સરકારશ્રીનાં ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન ખાતે દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ઝંડાબજાર તથા આસપાસનાં વિસ્તારોમાં ધંધો કરતાં ફેરિયાઓને એક જ જગ્યાએ રોજગારીની તક મળી રહે તેવા અને જાહેર રાજમાર્ગમાં મોકળાશ મળી રહે તેવા શુભાશયથી આવા ફેરિયાઓને ખુલ્લા પ્લોટમાં જગ્યા ફાળવવા યોગ્ય જણાય છે. અને તેનાંથી પેટલાદ નગરપાલિકાને ભાડાની આવક પણ ઉભી થાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઝંડાબજાર પોલીસ ચોકીની બાજુમાં આવેલ ટીકા નં.૯/૪ સર્વે નં.૪૯ વાળો પ્લોટ સરકારી હોવાથી સરકારશ્રીમાંથી જરૂરી ન વાંધા પ્રમાણપત્ર મેળવી ફેરિયાઓને ધંધા રોજગાર માટે પ્લોટમાં નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બ્લોક પેવિંગ કરી શેડ બનાવી જગ્યા ફાળવવા ઠરાવવામાં આવે છે. સદર કામે જરૂરી એસ્ટીમેટ તૈયાર કરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ બાબતે ગ્રાન્ટની રકમ મેળવવા સરકારશ્રીનાં ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશનમાં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૩) :** પેટલાદ નગરપાલિકામાં રોજમદારીની ફરજ બજાવતાં કર્મચારીઓને ફીકસ પગારમાં સમાવવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૧ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં રોજમદારીની ફરજ બજાવતાં કર્મચારીઓને ફીકસ પગારમાં સમાવવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં રોજમદારી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી (૧) પટેલ હિતેષકુમાર નંદુભાઇ (૨) પટેલ અતુલભાઇ જગદીશભાઇ (૩) પટેલ શૈલેષભાઇ મનહરભાઇ તથા (૪) પટેલ રાકેશભાઇ શંકરભાઇ રોજમદારી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં હોઇ તેઓને હાલમાં રજાનાં દિવસોનાં પગારનો લાભ મળતો નથી. તેથી તેઓને ફીકસ પગારમાં એટલે કે, રોજમદારીનાં દર મુજબ પરંતુ રવિવાર તથા રજાનાં લાભ સાથેનાં સરકારશ્રીનાં નિયમાનુસાર ચૂકવવા પાત્ર ફીકસ પગારમાં સમાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આ સાથે પેટલાદ નગરપાલિકાનાં અન્ય વિભાગોમાં આવી રોજમદારની ફરજ બજાવતાં અને છેલ્લા ૧૨ વર્ષથી ફરજ બજાવતાં કર્મચારીઓને પણ ઉકત ઠરાવમાં આવરી લઇ તે અન્વયેનો લાભ આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી જે. સૈયદ, શ્રીમતિ રેહાનાબાનુ એ. ખલીફાનાં ટેકાથી સુધારો રજૂ કરે છે કે;

હાલની તા.૩૦/૧૦/૨૦૧૮ નાં રોજની સામાન્ય સભાની મીટીગનાં કામ નં.૩૩ ઉપર અમો વિરોધપક્ષના સભ્યશ્રીઓ સુધારો આપી જણાવીએ છીએ કે,

એજન્ડાનાં કામ નં.૩૩ ઉપર પેટલાદ નગરપાલીકામાં રોજમદારોની ફરજ બજાવતા ૪ જેટલા કર્મચારીઓએ ફીકસ પગારમાં સમાવેશ કરવા અરજીઓ આવેલ છે.સદર ચાર ઇસમોને કયા ધોરણે પસંદ કરવામાં આવેલ છે.તે સમજાતું નથી.જયારે પણ આવો કોઇ ઠરાવ કરવો હોય તો જે તે કર્મચારીની સમય મર્યાદા નકકી કરવી પડે.સદર ચાર કર્મચારીઓની સમયમર્યાદા જે છે તેના કરતા વધારે જુના કર્મચારીઓ નગરપાલીકામાં હાલમાં હયાત છે.જેથી સમયમર્યાદાના ધોરણે આ ઠરાવ થઇ શકે.જેથી આ ચાર પહેલાં જે એમના થી પણ જુના કર્મચારીઓ છે તેમને સદર ફીકસ પગાર ધોરણનો લાભ આપવો જરૂરી છે.જેથી આ ચાર સીવાય બીજાઓને પણ ધારાધોરણ મુજબ ફીકસ પગારમાં શામેલ કરવા જોઇએ તેવું ઠરાવવામાં આવે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા-વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશ અનુસાર મતદાન લેતાં, નિયમ મુજબ સૌપ્રથમ મતદાન રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે, જેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | સુધારાની તરફેણમાં | | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | નથી. |
| ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | |
| ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | |
| ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | |
| ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | |
| ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | |
| ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| | કુલ : ૦૭ (સાત) મત | ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | |
| | | ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | |

૧૦. શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ
૧૧. શ્રી રીફાકતખાન. એમ. પઠાણ
૧૨. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ
૧૩. શ્રીમતિ રીટાબેન. યુ. શાહ
૧૪. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી
૧૫. શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ
૧૬. શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ
૧૭. શ્રી જયેશભાઇ. કે. પટેલ
૧૮. શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ
૧૯. શ્રી અબરારબેગ. ડી. મિરઝાં
૨૦. શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી
૨૧. શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ

કુલ : ૨૧ (એકવીસ) મત

ત્યાર બાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | દરખાસ્તની તરફેણમાં | | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | નથી. |
| ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | |
| ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | |
| ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | |
| ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | |
| ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | |
| ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | |
| ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | | કુલ : ૦૭ (સાત) મત | |
| ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | | | |
| ૧૦. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | | | |
| ૧૧. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | | | |
| ૧૨. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | | | |
| ૧૩. | શ્રીમતિ રીટાબેન. યુ શાહ | | | |
| ૧૪. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | | | |
| ૧૫. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | | | |
| ૧૬. | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | | | |
| ૧૭. | શ્રી જયેશભાઇ. કે. પટેલ | | | |
| ૧૮. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | | | |
| ૧૯. | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | | | |
| ૨૦. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | | | |
| ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | | | |
| | કુલ : ૨૧ (એકવીસ) મત | | | |

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલ છે. આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધ:-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાNવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાનવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૩૪)** : પેટલાદની ટી.પી સ્કીમ નં.૩ માં આવેલ ઇ.ડબલ્યુ.એસ. પ્લોટમાં રૂા.૫.૦૦ લાખથી ઓછી આવક ધરાવતાં નાગરિકોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવરી હુડકો પાસે જરૂરી લોન મેળવવા દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૨ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન કે. તળપદાં, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદની ટી.પી. સ્કીમ નં.-૩ માં આવેલ ઇ.ડબલ્યુ.એસ. પ્લોટમાં વાર્ષિક રૂા.૫.૦૦ લાખથી ઓછી આવક ધરાવતાં નાગરિકોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવરી હુડકો પાસે જરૂરી લોન મેળવવા દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતાં મધ્યમવર્ગી અને વાર્ષિક રૂા.૫.૦૦ લાખથી ઓછી આવક ધરાવતાં ઘરવિહોણા નાગરિકોને પોતાનું ઘર મળી રહે તેવા શુભાશયથી તેવા ઇસમોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આવરી લઇ મકાન ફાળવવામાં આવે તે ઉચિત જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.-૩ નાં ફાઇનલ પ્લોટ નં.૧૨ કે જે આવા હેતુઓ માટે નીમ થયેલ હોય તેવા ઇ.ડબલ્યુ.એસ. પ્લોટમાં જરૂરી આવાસો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. સદર આવાસોનાં બાંધકામ અંગે તેનાં પ્લાન એસ્ટીમેટ તૈયાર કરી થનાર ખર્ચ બાબતે હુડકો પાસેથી જરૂરી લોનની રકમ મેળવવા દરખાસ્ત કરવા ઠારવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી જે. સૈયદ, શ્રીમતિ રેહાનાબાનુ એ. ખલીફાનાં ટેકાથી સુધારો રજૂ કરે છે કે,

હાલની તા.૩૦/૧૦/૨૦૧૮ નાં રોજની સામાન્ય સભાની મીટીગનાં કામ નં.૩૪ ઉપર અમો વિરોધપક્ષના સભ્યશ્રીઓ સુધારો આપી જણાવીએ છીએ કે,

એજન્ડાનાં કામ નં.૩૩ ઉપર ઓવરશીયર તરફથી રીપોર્ટ આવેલ છે.જેમાં ટી.પીસ્કીમ નં.૩ ના ફા.પ્લોટઠ નં.૧૨ પી.ડબલ્યું.એસ. પ્લોટ તરીકે ફાળવવામાં આવેલ છે.સદરહું જગ્યાએ ૫ લાખ થી ઓછી વાર્ષીક આવક ધરાવતા કુટુંબોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હુડકો પાસેથી લોન મેળવવા કામગીરી કરવાની રહે છે.પરંતુ સદર બાબતે પેટલાદ નગરપાલીકાના ચીફ ઓફીસરશ્રીને આ સરકારની યોજના ગમતી નથી કે કરવા માંગતા નથી તેવું દેખાઇ આવે છે.કારણ કે ચીફ ઓફીસરશ્રીએ પોતાની સહી કરી નથી. સદર ઠરાવ થાય તેવું અનુમોદન આપેલ નથી.જેથી ગરીબલક્ષી યોજના પડી ભાંગે તે હેતુસર તેઓએ સહી કરી નથી.

સદર રીપોર્ટ સામાન્ય સભામાં રજુ કરવા પ્રમુખશ્રીએ પોતાનો હુકમ કરી સહી કરેલ છે.જયારે તે જ રીપોર્ટ ની ઉપર ચીફ ઓફીસરની સહી દેખાડી નથી.તેનું કારણ એ હોઇ શકે તે પ્રમુખશ્રીને પણ એવું લાગ્યુ છે કે સદર રીપોર્ટ બાબતે ચીફ ઓફીસરને કોઇ રસ હોય તેવું દેખાતું નથી.જેથી સદર ઠરાવ નામંજુર કરતો ઠરાવ કરવામાં આવે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા-વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશ અનુસાર મતદાન લેતાં, નિયમ મુજબ સૌપ્રથમ મતદાન રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે, જેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | સુધારાની તરફેણમાં | | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | નથી. |
| ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | |
| ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | |
| ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | |
| ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | |
| ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | |
| ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| | કુલ : ૦૭ (સાત) મત | ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | |
| | | ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | |
| | | ૧૦. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | |
| | | ૧૧. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | |
| | | ૧૨. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | |
| | | ૧૩. | શ્રીમતિ રીટાબેન. યુ શાહ | |
| | | ૧૪. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | |
| | | ૧૫. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | |
| | | ૧૬. | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | |
| | | ૧૭. | શ્રી જયેશભાઇ. કે. પટેલ | |
| | | ૧૮. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | |
| | | ૧૯. | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | |
| | | ૨૦. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | |
| | | ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | |
| | | | કુલ : ૨૧ (એકવીસ) મત | |

ત્યાર બાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | દરખાસ્તની તરફેણમાં | | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | નથી. |
| ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | |
| ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | |

| | | | |
|---|---|---|---|
| ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ |
| ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા |
| ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક |
| ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક |
| ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | | કુલ : ૦૭ (સાત) મત |
| ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | | |
| ૧૦. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | | |
| ૧૧. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | | |
| ૧૨. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | | |
| ૧૩. | શ્રીમતિ રીટાબેન. યુ શાહ | | |
| ૧૪. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | | |
| ૧૫. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | | |
| ૧૬. | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | | |
| ૧૭. | શ્રી જયેશકુમાર. કે. પટેલ | | |
| ૧૮. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | | |
| ૧૯. | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | | |
| ૨૦. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | | |
| ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | | |
| | કુલ : ૨૧ (એકવીસ) મત | | |

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલ છે. આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાNવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતાં હસ્તકલાનાં કારીગરોને પ્રોત્સાહિત કરવા તથા રોજગારીની મળી રહે તેવા શુભાશયથી નગરપાલિકા હદ વિસ્તારમાં ઝંડા બજાર પોલીસ ચોકી પાસે આવેલ સરકારી ખુલ્લી જગ્યામાં અલગ શેડ બનાવવા એન.યુ.એલ.એમ. યોજના હેઠળ ગ્રાન્ટની રકમ મેળવવા દરખાસ્ત કરવા તથા આવા કારીગરોને જગ્યાની ફાળવણી કરવા બાબતનાં નીતિનિયમો તૈયાર કરવા બાબતે યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૩ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ, શ્રી ગોવિંદભાઇ આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતાં હસ્તકલાનાં કારીગરોને પ્રોત્સાહિત કરવા તથા રોજગારીની તક મળી રહે તેવા શુભાશયથી નગરપાલિકા હદ વિસ્તારમાં ઝંડાબજાર પોલીસ ચોકી પાસે આવેલ સરકારી ખુલ્લા પ્લોટમાં અલગ શેડ બનાવવા એન.યુ.એલ.એમ. યોજના હેઠળ ગ્રાન્ટની રકમ મેળવવા દરખાસ્ત કરવા તથા આવા કારીગરોને જગ્યાની ફાળવણી કરવા બાબતનાં નીતિનિયમો તૈયાર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતાં હસ્તકલાનાં કારીગરોને રોજગારી માટેની પૂરતી જગ્યા તથા રોજગારીની તકો ન મળવાને કારણે અન્ય વ્યવસાયમાં જોડાવવુ પડે છે. તેથી આવા હસ્તકલાનાં કારીગરોને રોજગારીની તકો મળી રહે તથા ધંધા રોજગાર માટેની જગ્યા પણ મળી રહે તેવા શુભાશયથી આવા હસ્તકલાનાં કારીગરો માટે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી અલગ શેડ બનાવી જગ્યાની ફાળવણી કરવી ઉચિત જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઝંડાબજાર પોલીસ ચોકીની બાજુમાં આવેલ ટીકા નં.૯/૪ સર્વે નં.૪૯ વાળો પ્લોટ સરકારી હોવાથી સરકારશ્રીમાંથી જરૂરી "ન વાંધા પ્રમાણપત્ર" મેળવી હસ્તકલાનાં કારીગરો માટે શેડ બનાવી જગ્યાની ફાળવણી કરવા ઠરાવવામાં આવે છે. સદર જગ્યા પૂરતા પ્રમાણમાં ન હોઇ તે ઉપરાંત પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ બસ સ્ટેશનથી નુરતલાવડી તરફ જવાનાં રસ્તે આવેલ ટી.પી. સ્કીમ નં.૩ નાં ફાઇનલ પ્લોટ નં.૧૦ માં એક વધારાનો શેડ બનાવી જગ્યાની ફાળવણી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે જરૂરી પ્લાન તથા એસ્ટીમેટ તૈયાર કરવા મે.ચીફ ઓફિસર તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ બાબતે ગ્રાન્ટની રકમ મેળવવા સરકારશ્રીનાં ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશનમાં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા તથા જગ્યા ફાળવણી અંગેનાં નીતિ નિયમો તૈયાર કરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી જે. સૈયદ, શ્રીમતિ રફીકનબીબી એસ. મલેકનાં ટેકાથી સુધારા દરખાસ્ત રજૂ કરે છે કે,

હાલની તા.૩૦/૧૦/૨૦૧૮ નાં રોજની સામાન્ય સભાની મીટીગનાં કામ નં.૩૫ ઉપર અમો વિરોધપક્ષના સભ્યશ્રીઓ સુધારો આપી જણાવીએ છીએ કે,

એજન્ડાનાં કામ નં.૩૫ ઉપર ઓવરશીયર તરફથી આવેલ રીપોર્ટ જેમાં નગરપાલીકાના રહીશો દ્વારા ભરતગુંથણ ની માંગ વધુ હોય અને ઘેર બેઠા વ્યવસાય કરી શકે તે હેતુસર ભરત ગુંથણની કામગીરી કરી પ્રદર્શન કરવાના શુભાશય થી એન.યુ.એલ.એમ. યોજના હેઠળ મળનાર ગ્રાન્ટમાંથી શેડ બનાવી તેઓને ફાળવવામાં આવે તો પેટલાદની ઓળખ ઉભી થાય અને ભાડાની આવકમાં વધારો પણ થાય.તેવો રીપોર્ટ મે.પ્રમુખશ્રી તરફથી સામાન્ય સભામાં રજુ કરવા હુકમ કરવામાં આવેલ છે.પરંતુ આ બાબતે પેટલાદ નગરપાલીકાના ચીફ ઓફીસરને આવી નગરપાલીકાનું નામ થાય તેવી ઓળખ ઉભી થાય તે ગમતું નથી.જેથી સદર રીપોર્ટ યોગ્ય નથી તેમ સમજી તેઓશ્રીએ પોતાની સહી કરી નથી.અને રીપોર્ટને મંજુર કરેલ નથી.જયારે પ્રમુખશ્રીએ પણ રીપોર્ટ પર સહી કરી સદર કામ સભામાં મંજુર કરવા મુકેલ છે.પરંતુ પ્રમુખશ્રી પણ આ બાબતે સજાગ હોવા છતાં તેઓનું કદાચ માનવું એવું હોય કે આ બાબતે ચીફ ઓફીસરને અંગત રસ નથી.

સદર રીપોર્ટમાં જણાવેલ હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહીત કરવા નગરપાલીકા ની ખુલ્લી જગ્યામાં અલગ શેડ બનાવવા રીપોર્ટ આવેલ છે.પરંતુ જે જગ્યા સદર શેડ બનાવવા જણાવ્યું છે તે હાલમાં, પેટલાદ ટાઉન પોલીસના હસ્તક આવેલી છે.અને ઘણા વર્ષોથી તેઓ કબજો ધરાવે છે.સદર રીપોર્ટમાં એક નકશો રજુ કરેલ છે.જેનાથી એ નકકી થતું નથી કે કઇ જગ્યા કોના હસ્તક છે.જયાં સુધી કોના હસ્તક છે તે નકકી ના થાય ત્યાં સુધી તે જગ્યા ઉપર આવો કોઇ શેડ બનાવી શકાય નહી.સદર રીપોર્ટના આધારે નગરજનોને ઉત્સાહીત કરવા આ એ કાલ્પનીક બનાવેલી ઉપજ છે.જે ફળી શકે તેમ નથી.

જેથી સદર ઠરાવ નામંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા-વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશ અનુસાર મતદાન લેતાં, નિયમ મુજબ સૌપ્રથમ મતદાન રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે, જેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | સુધારાની તરફેણમાં | | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | નથી. |
| ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | |
| ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | |
| ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | |
| ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | |
| ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | |
| ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| | કુલ : ૦૭ (સાત) મત | ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | |
| | | ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | |
| | | ૧૦. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | |
| | | ૧૧. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | |

૧૨. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ
૧૩. શ્રીમતિ રીટાબેન. યુ શાહ
૧૪. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી
૧૫. શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ
૧૬. શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ
૧૭. શ્રી જયેશભાઇ. કે. પટેલ
૧૮. શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ
૧૯. શ્રી અબરારબેગ. ડી. મિરઝાં
૨૦. શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી
૨૧. શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ

કુલ : ૨૧ (એકવીસ) મત

ત્યાર બાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

**દરખાસ્તની તરફેણમાં**

૧. શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ
૨. શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા
૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ
૪. શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા
૫. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા
૬. શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા
૭. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ
૮. શ્રીમતિ હેતલબેન. એ. પટેલ
૯. શ્રી પુનિતકુમાર. એમ. ડાભી
૧૦. શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ
૧૧. શ્રી રીફાકતખાન. એમ. પઠાણ
૧૨. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ
૧૩. શ્રીમતિ રીટાબેન. યુ શાહ
૧૪. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી
૧૫. શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ
૧૬. શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ
૧૭. શ્રી જયેશભાઇ. કે. પટેલ
૧૮. શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ
૧૯. શ્રી અબરારબેગ. ડી. મિરઝાં
૨૦. શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી
૨૧. શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ

કુલ : ૨૧ (એકવીસ) મત

**દરખાસ્તની વિરુધ્ધમાં**

૧. શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ
૨. શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા
૩. શ્રી રસિકભાઇ. જે. મકવાણા
૪. શ્રી સૌરભભાઇ. એન. પટેલ
૫. શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા
૬. શ્રી ફઇમાબાનુ. ડી. મલેક
૭. શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક

કુલ : ૦૭ (સાત) મત

**તટસ્થ**

નથી.

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં મૂળ દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૬)** : સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકાને ઓ.ડી.એફ. પ્લસ (O.D.F. +)તથા ઓ.ડી.એફ. ડબલ પ્લસ (O.D.F. ++) પ્રમાણપત્ર મેળવવા જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૪ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર એમ. ડાભી, શ્રી ગોવિંદભાઇ આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકાને ઓ.ડી.એફ. પ્લસ તથા ઓ.ડી.એફ. ડબલ પ્લસ પ્રમાણપત્ર મેળવવા જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સર્વેક્ષણ કરવામાં આવે છે. આ સર્વેક્ષણમાં વધુ માર્ક મેળવી શકાય તેવા હેતુથી ઓ.ડી.એફ. પ્લસ તથા ઓ.ડી.એફ. ડબલ પ્લસ પ્રમાણપત્ર મેળવવા સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત, ગાંધીનગરનાં ઇ-મેલ પત્ર ક્રમાંકઃ સભમ / ૧૦૨૦૧૮/ ૩૬૬ /SBM Cell તા.૨૭/૦૮/૨૦૧૮ થી ઓ.ડી.એફ. પ્લસ તથા ઓ.ડી.એફ. ડબલ પ્લસ માટે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯ માટેની બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકાનાં પરિબળોને ધ્યાને લઇ સ્ટાર રેટીગ /ODF/ODF+/ODF++ સર્ટીફીકેટ મેળવવા દરખાસ્ત કરવા જણાવેલ છે. પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેરમાં શૌચ ન કરવા પૂરતી તકેદારીનાં પગલાં લેવામાં આવે છે. અને તે આધારે પેટલાદ નગરપાલિકાને ઓ.ડી.એફ. પ્રમાણપત્ર મળેલ છે. પેટલાદ નગરપાલિકા આ સર્વેક્ષણ ૨૦૧૯ માં ભાગ લઇ રહ્યું છે. તથા પેટલાદ નગરપાલિકાને "થ્રી સ્ટાર" રેટીગ માટે સ્પર્ધામાં ઉતારવા જરૂરી સ્પર્ધાત્મક પરિબળોને પહોંચી વળવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. તે આધારે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ-૧૯ માં પેટલાદ નગરપાલિકાએ ભાગ લીધેલ હોઇ તેનાં સ્ટાર રેટીગ પ્રોટોકોલ ફોર ગાર્બેજ સીટી અંતર્ગત વધુ માર્કસ મેળવવા ODF+ તથા ODF++ પ્રમાણપત્ર મેળવવા જરૂરી દરખાસ્ત સરકારશ્રીમાં કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૭)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નાના શેખવાડામાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૫ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નાના શેખવાડામાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નાના શેખવાડા તથા આસપાસનાં વિસ્તારોમાં પાણી પૂરવઠો હળવા દબાણથી મળે છે. તેથી પૂરતા પ્રેશરથી પાણી પૂરવઠો મળી રહે તેવા શુભાશયથી નગરપાલિકાની હયાત પીવાનાં પાણીની પાઇપ લાઇનથી સવાલવાળી જગ્યા સુધીની આશરે ૨૦૦ મીટર જેટલી પીવાનાં પાણીની ૯૦ મીમી ડાયામીટરની આઇ.એસ.આઇ. માર્કાવાળી 6 $kg/cm^2$ પાઇપ લાઇન નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નાંખવા ઠરાવવામાં આવે છે. સદર કામે ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થાનાં મંજુર થયેલ સને ૨૦૧૪-૧૫ નાં એસ.ઓ.આર. મુજબ તૈયાર કરવામાં આવેલ રૂા.૬૫,૦૩૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાCવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૮) :** પેટલાદ નગરપાલિકા સંચાલિત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉન હોલને તોડીને નવેસરથી પીપીપી મોડેલ થી બનાવવાનાં કામે સામાન્ય સભામાં કરેલ ઠરાવ રદ કરી આગવી ઓળખ ની ગ્રાન્ટ મેળવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૬ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર એમ. ડાભી, શ્રી ગોવિંદભાઇ આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉન હોલને તોડીને નવેસરથી પીપીપી મોડેલથી બનાવવાનાં કામે સામાન્ય સભામાં કરેલ ઠરાવ રદ કરી આગવી ઓળખની ગ્રાન્ટ મેળવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉન હોલને તોડીને પીપીપી મોડેલથી નવિન બનાવવા સામાન્ય સભાનાં ઠરાવ નં. ૨૬ / તા.૧૩/૧૦/૨૦૧૭ થી ઠરાવેલ હતું. પરંતુ સદર કામગીરી માટે મોટી રકમનાં કોઇ દાતાશ્રીની ઓફર ન આવવાથી સદર ઠરાવ તથા અગાઉ આ બાબતે કરેલ તમામ ઠરાવો આજની સભામાં સદ કરવા ઠરાવવામાં આવે છે. સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી આગવી ઓળખ માટેની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને મળવાપાત્ર થતી હોઇ શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉન હોલ તોડીને નવિન બનાવવા તેમજ પેટલાદ તાલુકામાં એકમાત્ર પેટલાદમાં જ ટાઉન હોલ હોવાથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા, સરકારી તાલિમો, મીટીગો યોજવા ટાઉન હોલ બનાવવો આવશ્યક છે. આ અંગે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ મફબ /SJMMSVY/આગવી ઓળખ / ન.પા. / ૨૦૧૬ / ૭૭૮ તા.૧૩-૦૧-૨૦૧૮ થી આગવી ઓળખ માટેની ગ્રાન્ટની રકમ મેળવવા દરખાસ્ત કરવા પણ જણાવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉન હોલને તોડીને દાતા શ્રી કે.એમ. શાહ ગોળવાળાનું નામ નવિન બનનાર ટાઉનહોલ માટે યથાવત રાખી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન બનાવવા સરકારશ્રીમાંથી આગવી ઓળખ માટેની ગ્રાન્ટની રકમ મેળવવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૯) :** પેટલાદ નગરપાલિકા હસ્તકનાં વિવિધ શોપિંગ સેન્ટરની ૧૧ માસનાં કરાર આધારિત દુકાનોનાં ભાડાની રકમમાં સુધારો કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૭ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનાં વિવિધ શોપિંગ સેન્ટરની ૧૧ માસનાં કરાર આધારિત દુકાનોનાં ભાડાની રકમમાં સુધારો કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટ તથા ડો.બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટરની ન વેચાયેલ દુકાનો ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવા બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૫૮ /તા.૨૩/૦૮/૨003 ના સુધારા ઠરાવ નં.૪૨/તા.૨૭/૦૭/૨૦૦૭ થી ઠરાવ્યા આધારે ઘટતી કાર્યવાહીથી ભાડે આપવામાં આવતી હતી. સમય જતાં સદર દુકાનો ભાડે આપવા બાબતે સામાન્ય સભામાં વખતો વખત સુધારા ઠરાવ નં.૧૫૨ તા.૧૮/૦૨/૨૦૧૬, ઠરાવ નં.૯૧/ તા.૧૧/૦૮/૨૦૧૬, ઠરાવ નં. ૧૬૦/તા.૦૭/૦૨/૨૦૧૭, તથા ઠરાવ નં.૧૭/તા.0૩/૦૭/૨૦૧૮ થી જુદા જુદા નીતિ નિયમો અને ભાડાનાં દર નકકી કરતા ઠરાવો કરવામાં આવેલ હતાં. જે તમામ ઠરાવ આજની સભામાં રદ કરવા ઠરાવવામાં આવે છે. તેમજ ઠરાવ નં.૧૨/ તા.0૩/૦૭/૨૦૧૮ થી કરવામાં આવેલ ઠરાવમાં ઠરાવેલ ભાડાનાં દરમાં સુધારો કરી અગાઉ પ્રિમીયમની રકમ વસુલ લઇ ભાડે ગયેલ દુકાનોનાં ભાડાનાં વર્તમાન દરના બમણાં દર, તે સિવાય બાકી રહેલ દુકાનો કે જે ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવામાં આવનાર છે તે દુકાનો માટે નકકી કરવામાં આવે તો ભાડે રાખનાર વેપારીઓને પોશાય તેમ છે અને સંસ્થાનું આર્થિક હિત પણ જળવાઇ રહે તેમ છે.સદર બાબતે આ બન્ને શોપિંગ સેન્ટરનાં વેપારીઓની અરજી પણ આવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટ તથા ડો.બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટની પ્રિમીયમની રકમ વસુલ લઇ ભાડે ગયેલ જે તે દુકાનનાં વર્તમાન ભાડાનાં દરથી તે સિવાયની બાકી રહેલ ભાડે આપવા પાત્ર દુકાનો માટે જે તે દુકાનનાં વર્તમાન દરનાં બમણા દરથી ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપવા ઠરાવવામાં આવે છે. તથા આવી દુકાનો ભાડે આપવા અંગેનાં કામ સાથે સામેલ નિયમો પૈકી નિયમ નં.૧૭ માં જણાવેલ રીન્યુ કરાર કરવાનાં પ્રસંગે ભાડાની રકમમાં ૧૦% નો વધારો ફરજીયાત થયેલ ગણાશે તેનાં બદલે દર ત્રણ વર્ષે ભાડાનાં દરમાં ૧૦% નો વધારો ફરજીયાત કરવામાં આવશે તે સુધારા નિયમ સાથે કામ સાથે સામેલ નિયમો મંજુર કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી જે. સૈયદ, શ્રી ફઇમાબાનુ ડી. મલેકનાં ટેકાથી સુધારા દરખાસ્ત રજૂ કરે છે કે,

હાલની તા.૩૦/૧૦/૨૦૧૮ નાં રોજની સામાન્ય સભાની મીટીગનાં કામ નં.૩૯ ઉપર અમો વિરોધપક્ષના સભ્યશ્રીઓ સુધારો આપી જણાવીએ છીએ કે,

એજન્ડાનાં કામ નં.૩૯ ઉપર ઇમારતી ભાડા વિભાગ તરફથી રીપોર્ટ આવેલ છે કે,સદર ભાડા માટે દુકાનદારો તરફથી જુદી જુદી અરજીઓ આવેલ છે.જેમાં મુખ્ય માંગણી સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭ તા.૩/૭/૧૮ નો ઠરાવ રદ કરી સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૨ જે તા.૩/૭/૧૮ ના ઠરાવને બહાલી આપવા દુકાનદારો તરફથી અરજીઓ આવેલ છે.પરંતુ સદર રીપોર્ટ પ્રત્યે પેટલાદ નગરપાલીકાના ચીફ ઓફીસરે કોઇ રસ દાખવેલ નથી.કે તેઓએ આ રીપોર્ટ ઉપર દુકાનદારોની અરજીઓનું નીરાકરણ થાય તેવું પણ લાગતું નથી.સદર રીપોર્ટ ઉપર સામાન્ય સભામાં કામ મુકવા મે.પ્રમુખશ્રીએ સહી કરેલ છે.પરંતુ સદર રીપોર્ટ ઉપર ચીફ ઓફીસરની સહી દેખાતી નથી.જેથી તેવું કલ્પી શકાય કે સદર રીપોર્ટ ઉપર કોઇ ઠરાવ થાય તેવું ચીફ ઓફીસર ઇચ્છતા નથી.જેથી સદર રીપોર્ટ પર થનાર ઠરાવ થઇ શકે તેમ ન હોય ના મંજુર કરતો ઠરાવ કરવામાં આવે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા-વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશ અનુસાર મતદાન

લેતાં, નિયમ મુજબ સૌપ્રથમ મતદાન રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે, જેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | સુધારાની તરફેણમાં | | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | નથી. |
| ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | |
| ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | |
| ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | |
| ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | |
| ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | |
| ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| | કુલ : ૦૭ (સાત) મત | ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | |
| | | ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | |
| | | ૧૦. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | |
| | | ૧૧. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | |
| | | ૧૨. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | |
| | | ૧૩. | શ્રીમતિ રીટાબેન. યુ શાહ | |
| | | ૧૪. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | |
| | | ૧૫. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | |
| | | ૧૬. | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | |
| | | ૧૭. | શ્રી જયેશભાઇ. કે. પટેલ | |
| | | ૧૮. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | |
| | | ૧૯. | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | |
| | | ૨૦. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | |
| | | ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | |
| | | | કુલ : ૨૧ (એકવીસ) મત | |

ત્યાર બાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | દરખાસ્તની તરફેણમાં | | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | ૧. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | નથી. |
| ૨. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | ૨. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | |
| ૩. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | ૩. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | |
| ૪. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ૪. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | |
| ૫. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | ૫. | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | |
| ૬. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ૬. | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | |
| ૭. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ૭. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | |
| ૮. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | | કુલ : ૦૭ (સાત) મત | |
| ૯. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | | | |
| ૧૦. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | | | |
| ૧૧. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | | | |
| ૧૨. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | | | |
| ૧૩. | શ્રીમતિ રીટાબેન. યુ શાહ | | | |
| ૧૪. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | | | |
| ૧૫. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | | | |
| ૧૬. | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | | | |
| ૧૭. | શ્રી જયેશભાઇ. કે. પટેલ | | | |
| ૧૮. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | | | |
| ૧૯. | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | | | |
| ૨૦. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | | | |
| ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | | | |
| | કુલ : ૨૧ (એકવીસ) મત | | | |

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલ છે. આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધ:-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાNવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઇ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪૦) :** પેટલાદ નગરપાલિકાનો મંજુર થયેલ સેગ્રીગેશન પ્લાન્ટનાં અંદાજોમાં સુધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૮ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર એમ. ડાભી, શ્રી ગોવિંદભાઇ આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનો મંજુર થયેલ સેગ્રીગેશન પ્લાન્ટનાં અંદાજોમાં સુધારો કરવા અંગે આવેલ રીપોટ, વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનો સોલીડ વેસ્ટ પ્રોજેકટ સરકારશ્રીની હાઇપાવર કમીટીમાં મંજુર થયેલ છે. પરંતુ આ પ્રોજેકટ સામે મળનારી ગ્રાન્ટમાં ૫૦% ઘટાડો છે. અને મંજુરીની રકમ રૂા.૩.૬૬ કરોડ છે. જેમાં નગરપાલિકાને આપવામાં આવેલ વીહીકલ (છોટા હાથી) અને ટ્રેકટરનો સમાવેશ થાય છે. આથી સોલીડ વેસ્ટ માટે રજૂ કરવામાં આવેલ રૂા.૭.૩૯ કરોડનાં અંદાજોની રકમ સુધારવી જરૂરી છે. જેથી નગરપાલિકા પર કોઇ વધારાનું આર્થિક ભારણ કે બોજો ઉત્પન્ન ન થાય.આ પ્રોજેકટ અંતર્ગત નગરપાલિકા ઝીરો વેસ્ટની દિશામાં કામગીરી કરવા કટિબધ્ધ છે. સદર પ્રોજેકટમાં સુકા કચરા માટે પ્લાસ્ટીક માટેનો પાયરોલીસીસ પ્લાન્ટ કે જેમાં પ્લાસ્ટીકમાંથી ઓઇલ બનશે અને ઓર્ગેનિક વેસ્ટ માટે એક પ્લાન્ટ કે જેમાં ઓર્ગેનિક વેસ્ટનો પલ્પ ખાતર માટે ઉપયોગમાં લેવાશે અને તેમાંથી નીકળતું લીચડને (પ્રવાહી કચરો) પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં નિયમ અનુસાર ગમે ત્યાં ફેંકી શકાય તેમ નથી. અને તે જમીનમાં ઉતારી શકાય પણ તેમ નથી. આથી તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનાં વિકલ્પ રૂપે તેમાંથી ગેસ ઉત્પન્ન કરી શકાય તેમ છે. આ ગેસને ૫ થી ૮ કીલો બાટલામાં પેક કરી નાના ખાણીપીણીની લારી-ગલ્લાવાળા તથા જરૂરિયાત મુજબનાં વ્યક્તિને વાજબી ભાવે વેચી શકાય તેમ છે. સદર ગેસ ઉત્ન્ન કરવા માટે નહિં નફો કે નહિં નુકસાનના ધોરણે એન.જી.ઓ. કે જે ઉર્જાનાં પુનઃપ્રાપ્ય સ્ત્રોત સાથે સંકળાયેલ હોય તેવી સંસ્થા પાસેથી ટેકનોલોજી અને પ્લાન્ટ લઇએ તો સોલીડ વેસ્ટમાં નોંધપાત્ર કામગીરી થઇ શકે તેમ છે. અને આ પ્રકારનું દુર્ગધયુકત જોખમી લીચેડ (પ્રવાહી કચરો) ઉપયોગી બનાવી શકાય છે. સદર ટેકનોલોજીનો અંદાજીત ખર્ચ ૪૦ થી ૫૦ લાખ રૂપિયાની આસપાસ આવી શકે તેમ છે. જે બાયોગેસ ટેકનોલોજી અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો ભાગ જ છે. સરકારશ્રીએ મંજુરી આપેલ રૂા.૭.૩૯ કરોડનાં ડી.પી.આર.ની મંજુરી બહારનો ખર્ચ નથી. પરંતુ પેટલાદ નગરપાલિકાને મળવાપાત્ર કુલ રૂા.૩.૬૬ કરોડની અંદર આ ટેકનોલોજીનો સમાવેશ થઇ જાય તેમ છે. આથી વધારાની ગ્રાન્ટની આવશ્યકતા ઊભી થાય તેમ નથી કારણ કે પ્રથમ ડી.પી.આર. માં મૂકવામાં આવેલ રૂા.૨.૨૫ કરોડની સેગ્રીગેશન વેસ્ટની મશીનરી સામે રૂા.૧.૫ કરોડની પાયરોલીસીસ મશીનનાં વિકલ્પમાં છુટ્ટા નાના મશીનો, તમાકુનાં ચારણા, કોકોનટ શ્રેડર, ૫૦૦ કીલોનો પાયરોલીસીસ પ્લાન્ટ અને ૫ ટન ઓર્ગેનિક કન્વર્ટર બેલ્ટ શ્રેડર, ગ્રાઇન્ડર જેવી મશીનરીનો અંદાજીત કુલ ખર્ચ રૂપિયા એક કરોડ પચ્ચીસ લાખમાં સમાવેશ થઇ જાય છે.

સદર સમગ્ર પ્રોજેકટમાંથી અંદાજીત આવકો નીચે મુજબ થાય તેમ છે.

| ક્રમ | ઉત્પાદનનું નામ | પ્રતિદિન અંદાજીત ઉપજ | અંદાજીત ભાવ | અંદાજીત આવક |
|---|---|---|---|---|
| ૧ | ઓઇલ | ૨૫૦ લિટર | રૂા.૫૦/- | રૂા.૧૨,૫૦૦/- |
| ૨ | ખાતર | ૨૦૦૦ કીલો | રૂા.૨/- | રૂા.૪,૦૦૦/- |
| ૩ | બાયોગેસ | ૧૦ બોટલ | રૂા.૪૦૦/- | રૂા.૪,૦૦૦/- |
| | | | **કુલઃ** | **રૂા.૨૦,૫૦૦/-** |
| અનિવાર્ય સંજોગોને કારણે પ્લાન્ટ બંધ રહે તો<br>અંદાજીત કામકાજનાં ૩૩૦ દિવસ X રૂા.૨૦,૫૦૦/- = રૂા.૬૭,૬૫,૦૦/- અંદાજીત વાર્ષિક આવક થાય. | | | | |

આમ, રૂા.૬૭,૬૫,૦૦૦/- ની અંદાજીત વાર્ષિક આવક થાય તો પ્લાન્ટનાં નિભાવણી તથા મેન્ટેનન્સ પેટે વાર્ષિક ખર્ચ અંદાજીત રૂા.૧૭,૬૫,૦૦૦/- મૂકવામાં આવે તો ચોખ્ખી રકમ રૂા.૫૦,૦૦,૦૦૦/- થાય. જે મૂળ પ્રોજેકટની કિંમત જોતાં સમગ્ર ખર્ચ પાંચ વર્ષમાં વસુલ થઇ જાય તેમ છે અને બાકીનાં વર્ષોમાં તે નફામાં રૂપાંતરિત થઇ શકે તેમ છે. તેમજ સમગ્ર મશીનરી ફ્રી થઇ જાય. આથી રૂા.૭.૩૯ કરોડનાં સ્થાને રૂા.૩.૬૬ કરોડની મર્યાદામાં થનાર રીવાઇઝ પ્લાન તૈયાર કરી સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં મોકલી આપવા ઠરાવવામાં આવે છે. અને આ પ્રોજેકટ સરદાર પટેલ રીન્યુએબલ એનર્જી રીસર્ચ ઇન્સ્ટીટયૂટ (સ્પેરી) સંસ્થાનો સહયોગ મેળવી કામગીરી થાય તો કચરામાંથી કંચન પેદા કરી શકાય તેમ છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાંવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**જ.વિ.કામ નં. (૨) :** પેટલાદ હદમાં આવેલ ભગવતિ સોસાયટીની પાછળનાં ભાગે નવિન આકાર પામેલ સોસાયટી સુધી પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૯ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી પુનિતકુમાર એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ બહારનાં વિસ્તારમાં આવેલ ભગવતિ સોસાયટીનાં પાછળનાં ભાગે આવેલ રે.સ.નં.૨૪૯/૧ વાળી જગ્યામાં નવિન બનેલ સોસાયટીમાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ બહારનાં વિસ્તારમાં આવેલ ભગવતિ સોસાયટીનાં પાછળનાં ભાગે નવિન સોસાયટી આકાર પામેલ છે. તેમાં પીવાનાં પાણીની સુવિધા મળી રહે તે માટે સોસાયટીનાં ઓર્ગેનાઇઝર દ્વારા અરજી કરવામાં આવેલ છે. પાણી એ જીવન જરૂરિયાત માટે આવશ્યક હોઇ પાણીની સુવિધા આપવા યોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ બહારનાં વિસ્તારમાં આવેલ ભગવતિ સોસાયટીનાં પાછળનાં ભાગે આવેલ રે.સ.નં.૨૪૯/૧ વાળી જગ્યામાં નવિન બનેલ સોસાયટીમાં હયાત પાણીની પાઇપ લાઇનથી માંગણીવાળી જગ્યા સુધી પીવાનાં પાણીની પાઇપ લાઇન નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નાંખવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૪૮,૧૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સોસાયટીનાં ઓર્ગેનાઇઝર એ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ.કામ નં. (૩) :** સરકારશ્રીનાં મે. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી, ગાંધીનગર નાં આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૦ / તા.૩૦/૧૦/૧૮**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર એમ. ડાભી, શ્રી ગોવિંદભાઇ આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

રાષ્ટ્રીય અન્ન સલામતિ અધિનિયમ - ૨૦૧૩ સેકશન -૨૮(૧) અન્વયે કલ્યાણકારી યોજનાઓનાં સામાજીક અન્વેષણ શહેરી વિસ્તારમાં કરવા બાબતે મે. કમિશ્નર શ્રી, મ્યુનિસિપાલીટી, ગાંધીનગર દ્વારા પાઠવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં મે.નિયામકશ્રી, અન્ન અને નાગરિક પૂરવઠા કચેરી, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ પીડીએસ /**NFSA**/ ફા.નં.૨૪૮ / ૨૦૧૮ તા.૧૪/૦૮/૨૦૧૮ નાં પત્રમાં જણાવેલ વિગતે રાષ્ટ્રીય અન્ન સલામતિ અધિનિયમ-૨૦૧૩ સેકશન-૨૮(૧) અન્વયે રાજય સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓનું સમયાંતરે સામાજીક અન્વેષણ શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય કક્ષાએ કરવાનું સરકારશ્રી દ્વારા ઠરાવેલ છે. અને આગામી સમયમાં નગરપાલિકા કક્ષાએ યોજાનાર વોર્ડ કમિટીની બેઠક તથા સામાન્ય / જનરલ મીટીંગનાં આયોજનમાં એજન્ડા સાથે સદરહુ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાનું સામાજીક અન્વેષણના એજન્ડાનો સમાવેશ થાય તેવી જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. સદર બાબતનો અમલ અને ઘટતી કાર્યવાહી કરવા બાબતે મે. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી, ગાંધીનગર કચેરીનાં ઇ-મેલ પત્ર ક્રમાંકઃ કમિ.મ્યુનિ. / સંકલન / વશી / ૧૩૩૫ / ૨૦૧૮ તા.૧૯/૧૦/૨૦૧૮ (અત્રે મળ્યા તા.૨૫/૧૦/૨૦૧૮) થી ઉકત બાબતે નગરપાલિકા કક્ષાએ યોજાનાર વોર્ડ કમિટીની બેઠક તથા સામાન્ય / જનરલ મીટીંગનાં આયોજનમાં સામાજીક અન્વેષણનાં એજન્ડાનો સમાવેશ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા૮વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાંવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**જ.વિ.કામ નં. (૪) :** મ્યુનિ. સભ્ય શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી ફરીદખાન ડી. પઠાણ, શ્રી આરીફઅલી જે. સૈયદ (પઠાણ), શ્રી નિરંજનભાઇ પી. પટેલ તથા શ્રીમતિ નફીસાબાનુ જે. શેખનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૧ / તા.૩૦/૧૦/૧૮**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી ફરીદખાન ડી. પઠાણ, શ્રી આરીફઅલી જે. સૈયદ (પઠાણ), શ્રી નિરંજનભાઇ પી. પટેલ તથા શ્રીમતિ નફીસાબાનુ જે. શેખનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રી વિઠ્ઠલભભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા[વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**<u>તા.૨૮/૦૨/૨૦૧૯</u>**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૨૮/૦૨/૨૦૧૯ ને ગુરુવારનાં રોજ સાંજનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | સભ્ય શ્રી |
| (૪) | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ” |
| (૫) | શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | ” |
| (૬) | શ્રી ઇમદાદઅલી જે. સૈયદ | ” |
| (૭) | શ્રીમતિ જયાબેન એ વાઘેલા | ” |
| (૮) | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ” |
| (૯) | શ્રી રસિકભાઇ જે મકવાણા | ” |
| (૧૦) | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | ” |
| (૧૩) | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | ” |
| (૧૪) | શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફા | ” |
| (૧૫) | શ્રી ફઇમાબાનુ. ડી. મલેક | ” |
| (૧૬) | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | ” |
| (૧૭) | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | ” |
| (૧૮) | શ્રીમતિ રીટાબેન યુ. શાહ | ” |
| (૧૯) | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | ” |
| (૨૦) | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | ” |
| (૨૧) | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | ” |
| (૨૨) | શ્રી જયેશકુમાર. કે. પટેલ | ” |
| (૨૩) | શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ | ” |
| (૨૪) | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | ” |
| (૨૫) | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | ” |
| (૨૬) | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | ” |
| (૨૭) | શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા | ” |
| (૨૮) | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | ” |
| (૨૯) | શ્રી વિજયભાઇ સી. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષસ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ જરૂરી વિષય તરીકેનાં કામ નં.૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

**કામ નં. (૧) :** પુલવામા માં થયેલ આતંકી હુમલામાં દેશનાં વિરગતિ પામેલ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૭૨ / તા.૨૮/૨/૧૯**

<u>શોક ઠરાવ</u>

આપણા દેશની રક્ષા કાજે ફરજ બજાવતાં જવાનો પર પુલવામા માં થયેલ આતંકી હુમલામાં ૪૪ જેટલા જવાન વીરગતિ પામેલ છે. જે બાબતને આજની સભા ઘેરું દુ:ખ વ્યકત કરે છે. અને આ વીરગતિ પામેલ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે. આ તમામ વીર જવાનોનાં આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના કરવામાં આવે છે. અને આ શોક ઠરાવ પસાર કરવામાં આવે છે. તેમજ વીર દિવંગતોનાં આત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા આજની સભામાં ઉપસ્થિત સર્વેએ બે મીનીટનું મૌન પાળી પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તામવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં રા.અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

ત્યારબાદ આજની કાર્યસૂચિનાં કામ નં.૧૫ અને ૧૬ માં શરત ચૂકથી લખાયેલ ત્રીજા ડી.પી. પ્લાન ને બદલે બીજા ડી.પી. પ્લાન એમ સુધારો કરવા જણાવ્યુ. જેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) પુલવામા માં થયેલ આતંકી હુમલામાં દેશનાં વિરગતિ પામેલ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત

(૨) પેટલાદ નગરપાલિકાનાં બિન કાયમી કર્મચારીઓને વીમા યોજનાનાં લાભ સાથે સરકારશ્રીની પ્રવર્તમાન “માન-ધન” યોજનાનો લાભ આપવા બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૪ તા.૩/૭/૧૮ નાં ઠરાવમાં સુધારો કરવા બાબત.

(૩) મ્યુનિ. સભ્ય શ્રી ફરીદખાન ડી. પઠાણ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા તથા શ્રી નિરંજનભાઇ પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનું પ્રોસીડીગ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૩ / તા.૨૮/૨/૧૯**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા તા.૩૦/૧૦/૨૦૧૮ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સામન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે વિપક્ષ દ્વારા મૌખિક વિરોધ દર્શાવવામાં આવ્યો પરંતુ વિરોધ અંગેનો કોઇ લેખિતમાં સુધારો રજૂ કરેલ નથી. જેથી સદર બાબતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નીચે મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમા | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૨૨ (બાવીસ) મત | ૦૭ (સાત) મત | નથી |

આથી, કામ નં.૧ વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાતવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૧૪/૧૨/૨૦૧૮ નાં રોજથી કરવામાં આવેલ સરકયુલર ઠરાવ ને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૭૪ / તા.૨૮/૨/૧૯**

મ્યુનિ. સભ્યશ્રીમતિ નયનાબેન આર. પટેલ, શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

**સરકયુલર ઠરાવ**

**ઠરાવનો વિષયઃ-** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકાને "ફાઇવ સ્ટાર" રેટીગનુ પ્રમાણપત્ર મેળવવા જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ માર્ગદર્શિકા વંચાણમાં લઇ યોગ્ય થવા બાબત.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગ પેટલાદ નગરપાલિકાને "ફાઇવ સ્ટાર" રેટીગનું પ્રમાણપત્ર મેળવવા જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ માર્ગદર્શિકા મુજબ સરકારશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સર્વેક્ષણ કરવામાં આવે છે. આ સર્વેક્ષણમાં વધુ માર્ક મેળવી શકાય તેવા હેતુથી "ફાઇવ સ્ટાર" રેટીગનું પ્રમાણપત્ર મેળવવા સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત, ગાંધીનગરથી આવેલ માર્ગદર્શિકા મુજબ "ફાઇવ સ્ટાર" રેટીગ માટે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯ માટેની બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકામાં જણાવેલ પરિબળોને (નકલ સાથે સામેલ છે.) ધ્યાને લઇ સ્ટાર તેટીગ સર્ટીફીકેટ મેળવવા દરખાસ્ત કરવા જણાવેલ છે. પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેરમાં શૌચ ન કરવા પૂરતી તકેદારીનાં પગલાં લેવામાં આવે છ(. અને તે આધારે પેટલાદ નગરપાલિકાને ઓ.ડી.એફ. પ્રમાણપત્ર પણ મળેલ છે. પેટલાદ નગરપાલિકા આ સર્વેક્ષણ ૨૦૧૯ માં ભાગ લીધેલ છે. તથા પેટલાદ નગરપાલિકાને "ફાઇવ સ્ટાર" રેટીગ માટે સ્પર્ધામાં જરૂરી સ્પર્ધાત્મક પરિબળોને પહોંચી વળવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. તે આધારે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ-૧૯ માં પેટલાદ નગરપાલિકાએ ભાગ લીધેલ હોઇ તેનાં સ્ટાર રેટીગ પ્રોટોકોલ ફોર ગાર્બેજ ફ્રી સીટી અંતર્ગત વધુ માર્કસ મેળવવા અને "ફાઇવ સ્ટાર" પ્રમાણપત્ર મેળવવા જરૂરી દરખાસ્ત સરકારશ્રીમાં કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-

***પ્રમુખ***

***પેટલાદ નગરપાલિકા***

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાંવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| અ.નં. | વોર્ડ નં | સભ્યશ્રીનું નામ | ઠરાવ પરત્વે સંમતિ હા / ના | સહી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | નયનાબેન રવિકાંતભાઇ પટેલ | હા | સહી/- |
| ૨ | | ગૌરીબેન કાળીદાસ તળપદા | હા | સહી/- |
| ૩ | | ગોવિંદભાઇ રણછોડભાઇ તળપદા | હા | સહી/- |
| ૪ | | ઇમદાદઅલી જીલાનીમીયાં સૈયદ | | |
| ૫ | ૨ | જયાબેન અરવિંદભાઇ વાઘેલા | | |
| ૬ | | રેણુકાબેન રમણભાઇ વાઘેલા | હા | સહી/- |
| ૭ | | રસિકભાઇ જેઠાભાઇ મકવાણા | | |
| ૮ | | સૌરભ નિરંજનભાઇ પટેલ | | |
| ૯ | ૩ | ગીતાબેન અશોકભાઇ પટેલ | હા | સહી/- |
| ૧૦ | | હેતલ અમિષકુમાર પટેલ | હા | સહી/- |
| ૧૧ | | પુનિતકુમાર મહીજીભાઇ ડાભી | હા | સહી/- |
| ૧૨ | | ભાવિન મહેન્દ્રભાઇ પટેલ | હા | સહી/- |
| ૧૩ | ૪ | રેહાનાબાનુ આસીફભાઇ ખલીફા | હા | સહી/- |
| ૧૪ | | ફઇમાબાનુ ડોસુમીયાં મલેક | | |
| ૧૫ | | આરીફખાન ઝમીરખાન સૈયદ (પઠાણ) | | |
| ૧૬ | | રીફાકતખાન મુખ્તીયારખાન પઠાણ | હા | સહી/- |
| ૧૭ | ૫ | દિપાલીબેન હિતેષભાઇ શાહ | | |
| ૧૮ | | રીટાબેન ઉમેશભાઇ શાહ | હા | સહી/- |
| ૧૯ | | ગોપાલભાઇ મનુભાઇ ગાંધી | હા | સહી/- |
| ૨૦ | | નિરંજનભાઇ પરસોતમભાઇ પટેલ | | |
| ૨૧ | ૬ | કલ્પનાબેન રીતેશભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૨ | | જૈમિની રૂચિતકુમાર પટેલ | હા | સહી/- |
| ૨૩ | | જયેશકુમાર કાંતિભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૪ | | વિઠ્ઠલભાઇ રણછોડભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૫ | ૭ | નફીસાબાનુ જીયાઉદ્દીન શેખ | | |
| ૨૬ | | રફીકનબીબી સરફરાજમીયા મલેક | | |
| ૨૭ | | ગુલામદસ્તગીર નુરમહંમદ વ્હોરા | હા | સહી/- |
| ૨૮ | | ફરીદખાન ડોસુખાન પઠાણ | હા | સહી/- |
| ૨૯ | ૮ | નબીયનનીશાં ખુરશીદઅહેમદ ખાટકી | હા | સહી/- |
| ૩૦ | | સાયનાબીબી મોહંમદશહીદ સૈયદ | હા | સહી/- |
| ૩૧ | | અબરારબેગ દિલાવરબેગ મિરઝા | હા | સહી/- |
| ૩૨ | | મુન્તજીમોદ્દીન નજીરોદ્દીન કાજી | હા | સહી/- |
| ૩૩ | ૯ | મિનાક્ષીબેન મનહરભાઇ મકવાણા | હા | સહી/- |
| ૩૪ | | જુબેદાબાનુ રીયાઝખાન પઠાણ | હા | સહી/- |
| ૩૫ | | વિજયભાઇ ચિમનભાઇ તળપદા | | |
| ૩૬ | | અસ્લમબેગ અનવરબેગ મિરઝા | હા | સહી/- |

ઉપરોકત સરકયુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે વિપક્ષ દ્વારા મૌખિક વિરોધ દર્શાવવામાં આવ્યો પરંતુ વિરોધ અંગેનો કોઇ લેખિતમાં સુધારો રજૂ કરેલ નથી. જેથી સદર બાબતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નીચે મુજબ મતદાન થાય છે.

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| દરખાસ્તની તરફેણમા | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૨૨ (બાવીસ) મત | ૦૭ (સાત) મત | નથી |

આમ, આવેલ દરખાસ્ત આજની કાર્યસૂચિનાં કામ નં.૧ મુજબ વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩) :** પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૦૮/૦૧/૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ સરકયુલર ઠરાવ નં.૩૧ ને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૭૫ / તા.૨૮/૨/૧૯**

મ્યુનિ. સભ્યશ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ, શ્રીમતિ નયનાબેન આર. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***સરકયુલર ઠરાવ નં. ૩૧ તા. ૦૮/૦૧/૨૦૧૯***

**ઠરાવનો વિષયઃ-** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પીસ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૬૩/૧ માં બનાવેલ ગાર્ડનનાં નામભિધાન કરવા બાબત.

**ઠરાવ**

આથી આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વૈજનાથ મહાદેવ મંદિર પાસે આવેલ પેટલાદની ટી.પીસ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૬૩/૧ વાળી જગ્યા ગાર્ડન માટે નીમ થયેલ હોઇ નગરપાલિકા દ્વારા ગાર્ડન બનાવવામાં આવેલ છે. જેથી આ ગાર્ડનનું નામાભિધાન કરી **"અટલ ઉપવન"** નામ આપવા ઠરાવવામાં આવે છે. અને હવે પછી સદર જગ્યા અટલ ઉપવન તરીકે ઓળખાશે તેમ ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની તમામ આનુસાંગિક ઘટતી કાર્યવાહી હાથ ધરવાની મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
***પ્રમુખ***
***પેટલાદ નગરપાલિકા***

| અ.નં. | વોર્ડ નં | સભ્યશ્રીનું નામ | ઠરાવ પરત્વે સંમતિ હા / ના | સહી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | નયનાબેન રવિકાંતભાઇ પટેલ | હા | સહી/- |
| ૨ | | ગૌરીબેન કાળીદાસ તળપદા | હા | સહી/- |
| ૩ | | ગોવિંદભાઇ રણછોડભાઇ તળપદા | | |
| ૪ | | ઇમદાદઅલી જીલાનીમીયાં સૈયદ | | |
| ૫ | ૨ | જયાબેન અરવિંદભાઇ વાઘેલા | | |
| ૬ | | રેણુકાબેન રમણભાઇ વાઘેલા | હા | સહી/- |
| ૭ | | રસિકભાઇ જેઠાભાઇ મકવાણા | | |
| ૮ | | સૌરભ નિરંજનભાઇ પટેલ | | |
| ૯ | ૩ | ગીતાબેન અશોકભાઇ પટેલ | હા | સહી/- |
| ૧૦ | | હેતલ અમિષકુમાર પટેલ | હા | સહી/- |
| ૧૧ | | પુનિતકુમાર મહીજીભાઇ ડાભી | હા | સહી/- |
| ૧૨ | | ભાવિન મહેન્દ્રભાઇ પટેલ | હા | સહી/- |
| ૧૩ | ૪ | રેહાનાબાનુ આસીફભાઇ ખલીફા | | |
| ૧૪ | | ફઇમાબાનુ ડોસુમીયાં મલેક | | |
| ૧૫ | | આરીફખાન ઝમીરખાન સૈયદ(પઠાણ) | | |
| ૧૬ | | રીફાકતખાન મુક્તીયારખાન પઠાણ | હા | સહી/- |
| ૧૭ | ૫ | દિપાલીબેન હિતેષભાઇ શાહ | | |
| ૧૮ | | રીટાબેન ઉમેશભાઇ શાહ | હા | સહી/- |
| ૧૯ | | ગોપાલભાઇ મનુભાઇ ગાંધી | હા | સહી/- |
| ૨૦ | | નિરંજનભાઇ પરસોતમભાઇ પટેલ | | |
| ૨૧ | ૬ | કલ્પનાબેન રીતેશભાઇ પટેલ | હા | સહી/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | | જૈમિની રૂચિતકુમાર પટેલ | હા | સહી/- |
| ૨૩ | | જયેશકુમાર કાંતિભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૪ | | વિઠ્ઠલભાઇ રણછોડભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૫ | ૭ | નફીસાબાનુ જીયાઉદ્દીન શેખ | | |
| ૨૬ | | રફીકનબીબી સરફરાજમીયા મલેક | | |
| ૨૭ | | ગુલામદસ્તગીર નુરમહંમદ વ્હોરા | હા | સહી/- |
| ૨૮ | | ફરીદખાન ડોસુખાન પઠાણ | હા | સહી/- |
| ૨૯ | ૮ | નબીયનનીશાં ખુરશીદઅહેમદ ખાટકી | હા | સહી/- |
| ૩૦ | | સાયનાબીબી મોહંમદશહીદ સૈયદ | હા | સહી/- |
| ૩૧ | | અબરારબેગ દિલાવરબેગ મિરઝા | હા | સહી/- |
| ૩૨ | | મુન્તજીમોદ્દીન નજીરોદ્દીન કાજી | હા | સહી/- |
| ૩૩ | ૯ | મિનાક્ષીબેન મનહરભાઇ મકવાણા | હા | સહી/- |
| ૩૪ | | જુબેદાબાનુ રીયાઝખાન પઠાણ | હા | સહી/- |
| ૩૫ | | વિજયભાઇ ચિમનભાઇ તળપદા | | |
| ૩૬ | | અસ્લમબેગ અનવરબેગ મિરઝા | હા | સહી/- |

ઉપરોકત સરકયુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે વિપક્ષ દ્વારા મૌખિક વિરોધ દર્શાવવામાં આવ્યો પરંતુ વિરોધ અંગેનો કોઇ લેખિતમાં સુધારો રજૂ કરેલ નથી. જેથી સદર બાબતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નીચે મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમા | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૨૨ (બાવીસ) મત | ૦૭ (સાત) મત | નથી |

આમ, આવેલ દરખાસ્ત આજની કાર્યસૂચિનાં કામ નં.૧ મુજબ વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાગવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૦૮/૦૧/૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ સરકયુલર ઠરાવ નં.૩૨ ને બહાલી આપવા બાબત

**ઠરાવ નં. ૭૬ / તા.૨૮/૨/૧૯**

મ્યુનિ. સભ્યશ્રી ગોવિંદભાઇ આર. તળપદા, શ્રી ભાવિનકુમાર એમ. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***સરકયુલર ઠરાવ નં. ૩૨ તા. ૦૮/૦૧/૨૦૧૯***

**ઠરાવનો વિષયઃ-** પેટલાદ નગરપાલિકા સંચાલિત કૈલાસધામ પાસે મૃતકને રાખવા માટે કોલ્ડ સ્ટોરેજ બનાવવા બાબત.

**ઠરાવ**

આથી આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૨૪, ૪૨૫, ૪૨૬ તથા ૪૨૭ સ્મશાન માટે નીમ થયેલ છે. જે પૈકી સર્વે નંબર ૪૨૪ માં નગરપાલિકા દ્વારા કૈલાસધામ (સ્મશાન) બનાવવામાં આવેલ છે. વર્તમાન વિકસતા યુગમાં અવસાન પામનારનાં સ્વજન પરદેશ રહેતાં હોવાથી મૃતકને “સાયન્ટીફીક કોલ્ડ સ્ટોરેજ રૂમ” માં રાખવામાં આવે છે. પેટલાદમાં આવી વ્યવસ્થા ન હોવાને કારણે તેવા કુટુંબીજનોને બહારગામ જવું પડે છે. તેથી જો પેટલાદ નગરપાલિકા દ્વારા આવી વ્યવસ્થા કરવામાં આવે તો નાગરિકોને ઉત્તમ સુવિધા મળી શકે તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નંબર ૪૨૫ વાળી કે જે સ્મશાનને અડીને આવેલ છે તે ખુલ્લી જગ્યામાં નગરપાલિકા દ્વારા સદર જગ્યાની માલિકી પેટલાદ નગરપાલિકાની રાખી ૧૦૦% લોકભાગીદારીથી “સાયન્ટીફીક કોલ્ડ સ્ટોરેજ રૂમ” બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની તમામ આનુસાંગિક ઘટતી કાર્યવાહી હાથ ધરવાની મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
***પ્રમુખ***
***પેટલાદ નગરપાલિકા***

| અ.નં. | વોર્ડ નં | સભ્યશ્રીનું નામ | ઠરાવ પરત્વે સંમતિ હા / ના | સહી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | નયનાબેન રવિકાંતભાઇ પટેલ | હા | સહી/- |
| ૨ | | ગૌરીબેન કાળીદાસ તળપદા | હા | સહી/- |
| ૩ | | ગોવિંદભાઇ રણછોડભાઇ તળપદા | | |
| ૪ | | ઇમદાદઅલી જીલાનીમીયાં સૈયદ | | |
| ૫ | ૨ | જયાબેન અરવિંદભાઇ વાઘેલા | હા | સહી/- |
| ૬ | | રેણુકાબેન રમણભાઇ વાઘેલા | હા | સહી/- |
| ૭ | | રસિકભાઇ જેઠાભાઇ મકવાણા | હા | સહી/- |
| ૮ | | સૌરભ નિરંજનભાઇ પટેલ | | |
| ૯ | ૩ | ગીતાબેન અશોકભાઇ પટેલ | હા | સહી/- |
| ૧૦ | | હેતલ અમિષકુમાર પટેલ | હા | સહી/- |
| ૧૧ | | પુનિતકુમાર મહીજીભાઇ ડાભી | હા | સહી/- |
| ૧૨ | | ભાવિન મહેન્દ્રભાઇ પટેલ | હા | સહી/- |
| ૧૩ | ૪ | રેહાનાબાનુ આસીફભાઇ ખલીફા | | |
| ૧૪ | | ફઇમાબાનુ ડોસુમીયાં મલેક | | |
| ૧૫ | | આરીફખાન ઝમીરખાન સૈયદ(પઠાણ) | હા | સહી/- |
| ૧૬ | | રીફાકતખાન મુખ્તીયારખાન પઠાણ | હા | સહી/- |
| ૧૭ | ૫ | દિપાલીબેન હિતેષભાઇ શાહ | | |
| ૧૮ | | રીટાબેન ઉમેશભાઇ શાહ | હા | સહી/- |
| ૧૯ | | ગોપાલભાઇ મનુભાઇ ગાંધી | હા | સહી/- |
| ૨૦ | | નિરંજનભાઇ પરસોતમભાઇ પટેલ | ના | |
| ૨૧ | ૬ | કલ્પનાબેન રીતેશભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૨ | | જૈમિની રૂચિતકુમાર પટેલ | હા | સહી/- |
| ૨૩ | | જયેશકુમાર કાંતિભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૪ | | વિઠ્ઠલભાઇ રણછોડભાઇ પટેલ | હા | સહી/- |
| ૨૫ | ૭ | નફીસાબાનુ જીયાઉદ્દીન શેખ | હા | સહી/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | | રફીકનબીબી સરફરાજમીયા મલેક | | |
| ૨૭ | | ગુલામદસ્તગીર નુરમહંમદ વ્હોરા | હા | સહી/- |
| ૨૮ | | ફરીદખાન ડોસુખાન પઠાણ | હા | સહી/- |
| ૨૯ | ૮ | નબીયનનીશાં ખુરશીદઅહેમદ ખાટકી | હા | સહી/- |
| ૩૦ | | સાયનાબીબી મોહંમદશહીદ સૈયદ | હા | સહી/- |
| ૩૧ | | અબરારબેગ દિલાવરબેગ મિરઝા | હા | સહી/- |
| ૩૨ | | મુન્તજીમોદ્દીન નજીરોદ્દીન કાજી | હા | સહી/- |
| ૩૩ | ૯ | મિનાક્ષીબેન મનહરભાઇ મકવાણા | હા | સહી/- |
| ૩૪ | | જુબેદાબાનુ રીયાઝખાન પઠાણ | હા | સહી/- |
| ૩૫ | | વિજયભાઇ ચિમનભાઇ તળપદા | | |
| ૩૬ | | અસ્લમબેગ અનવરબેગ મિરઝા | હા | સહી/- |

ઉપરોકત સરકયુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે વિપક્ષ દ્વારા મૌખિક વિરોધ દર્શાવવામાં આવ્યો પરંતુ વિરોધ અંગેનો કોઇ લેખિતમાં સુધારો રજૂ કરેલ નથી. જેથી સદર બાબતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નીચે મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમા | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૨૨ (બાવીસ) મત | ૦૭ (સાત) મત | નથી |

આમ, આવેલ દરખાસ્ત આજની કાર્યસૂચિનાં કામ નં.૧ મુજબ વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

